શુક્રવાર, 13 ફેબ્રુઆરી, 2026 મહા વદ એકાદશી
"વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર"
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## વડોદરામાં ખોદાયેલા રસ્તાઓથી ટ્રાફિકની ચિંતા વચ્ચે ૨૬ ફેબ્રુઆરીથી બોર્ડ પરીક્ષાનો થશે પ્રારંભ

**વડોદરા:** વડોદરા શહેર અને જિલ્લામાં આગામી ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ માટે તંત્ર સજ્જ થયું છે, પરંતુ શહેરના ખોદાયેલા રસ્તાઓ એક મોટો પડકાર બનીને સામે આવ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ પ્રોજેક્ટ્સ માટે ઠેર-ઠેર રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા હોવાથી ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. આ મુદ્દે આજે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી પરીક્ષા સમિતિની બેઠકમાં સઘન ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં એવી દહેશત વ્યક્ત કરાઈ હતી કે પરીક્ષાના સમયે ટ્રાફિક જામના કારણે વિદ્યાર્થીઓ કેન્દ્ર પર પહોંચવામાં મોડા પડી શકે છે. આ સમસ્યાના ઉકેલ રૂપે, ઈન્ચાર્જ ડીઈઓ મહેશ પાંડેએ વાલીઓ અને વિદ્યાર્થીઓને અપીલ કરી છે કે તેઓ પરીક્ષાના દિવસે ઘરેથી નિર્ધારિત સમય કરતાં વહેલા નીકળે. વધુમાં, ટ્રાફિકમાં અટવાયેલા વિદ્યાર્થીઓની મદદ માટે રીક્ષા ચાલક એસોસિએશન સાથે સંકલન સાધવામાં આવશે જેથી કોઈ પણ વિદ્યાર્થી પરીક્ષાથી વંચિત ન રહે.

આંકડાકીય વિગત અને વ્યવસ્થા: વડોદરા શહેર અને જિલ્લાના ૨૬૭ પરીક્ષા કેન્દ્રો પર કુલ ૭૨,૬૬૮ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

- ધોરણ ૧૦: ૧૫૬ કેન્દ્રો પર ૪૪,૫૮૧ વિદ્યાર્થીઓ.
- ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ): ૭૩ કેન્દ્રો પર ૨૦,૮૭૩ વિદ્યાર્થીઓ.
- ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ): ૩૮ કેન્દ્રો પર ૭,૨૧૪ વિદ્યાર્થીઓ.

નોંધનીય છે કે આ વર્ષે કરજણનો નવા સાયન્સ કેન્દ્ર તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે પણ બે પરીક્ષા કેન્દ્રો કાર્યરત રહેશે, જ્યાંથી ૯ કેદીઓ ધોરણ ૧૦ અને ૪ કેદીઓ ધોરણ ૧૨ની પરીક્ષા આપશે.

વિદ્યાર્થીલક્ષી સુવિધાઓ અને નિયમો: દિવ્યાંગ કે ઇમરજન્સીમાં રાઈટરની જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે વહીવટી પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે. હવે વિદ્યાર્થીઓએ ડીઈઓ કચેરીના ધક્કા ખાવાને બદલે, કચેરીનો સ્ટાફ પોતે સ્કૂલે જઈને જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી આપશે. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટેના કડક નિયમો અને સજાની જોગવાઈઓ સ્કૂલોના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવા સૂચના અપાઈ છે. તમામ કેન્દ્રો પર સીસીટીવી કેમેરા અને વીજ પુરવઠો અખંડિત રહે તે માટે વીજ કંપનીને વિશેષ તાકીદ કરવામાં આવી છે. વાલીઓ અને વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર કરવા માટે ૨૫ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ સુધી ડીઈઓ કચેરી ખાતે કંટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં આવશે. તંત્રના આ પ્રયાસોનો ઉદ્દેશ્ય ભયમુક્ત અને સરળ પરીક્ષા વાતાવરણ પૂરું પાડવાનો છે.



**વડોદરામાં ૨૬ ફેબ્રુઆરીથી બોર્ડ પરીક્ષા શરૂ. ખોદાયેલા રસ્તા અને ટ્રાફિક જામની સમસ્યા અંગે કલેક્ટરની બેઠકમાં ચિંતા વ્યક્ત કરાઈ.**

## વોર્ડવિઝાર્ડના પૂર્વ CEO સામે કરોડોની છેતરપિંડીની ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં કોર્પોરેટ ક્ષેત્રે મોટી છેતરપિંડીની ઘટના સામે આવી છે. વોર્ડવિઝાર્ડ મેડીકેર પ્રાઇવેટ લિમિટેડના પૂર્વ CEO ડૉ. સંતોષકુમાર ગઢવીએ કંપની સાથે ₹28.47 કરોડનો વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ છે. કંપનીના ફાઇનાન્સ હેડ દ્વારા નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે, ડૉ. ગઢવીએ જાન્યુઆરી-2022 થી જાન્યુઆરી-2025 દરમિયાન હોસ્પિટલના વહીવટી અધિકારોનો દુરુપયોગ કર્યો હતો. તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે ડૉ. ગઢવીએ મેડિકલ સાધનોની ખરીદીમાં મોટા પાયે આર્થિક અનિયમિતતાઓ આચરી હતી. તેમણે રિફર્બિશ્ડ કે જૂના સાધનો ખરીદીને કંપની પાસેથી પૂરેપૂરા નાણાં મેળવ્યા હતા અને ખોટા નામે બેંક એકાઉન્ટ્સ ખોલાવી રકમ ટ્રાન્સફર કરી હતી. આટલું જ નહીં, હોસ્પિટલ માટે મંગાવેલા 4 સ્માર્ટ LED ટીવી પણ તેમણે સગેવગે કરી દીધા હતા. બેંક લોનના નાણાં અને પેટી કેસની રકમનો પણ કોઈ હિસાબ ન મળતા આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.




## વડોદરા: માંડવી દરવાજાનું ₹4.96 કરોડના ખર્ચે રિસ્ટોરેશન શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના ઐતિહાસિક વારસાને સાચવવા માટે એક મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક માંડવી દરવાજાના રિસ્ટોરેશનની કામગીરી ₹4.96 કરોડના અંદાજિત ખર્ચે શરૂ કરવામાં આવી છે. લાંબા સમયથી દરવાજાના પીલરમાં તિરાડો જોવા મળતા હેરિટેજ પ્રેમીઓમાં ચિંતા હતી. ખાસ કરીને મહંત હરિઓમ વ્યાસ દ્વારા પગરખાં ન પહેરીને છેલ્લા 306 દિવસથી કરવામાં આવી રહેલા વિરોધ બાદ તંત્ર એક્શનમાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ અને સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ કામગીરીના પ્રારંભે સ્થળ મુલાકાત લીધી હતી. તંત્રના જણાવ્યા અનુસાર, આ ઇમારતનું રિસ્ટોરેશન તેની મૂળભૂત શૈલીમાં જ કરવામાં આવશે. આ માટે પ્રાચીન પદ્ધતિ મુજબ ગુગળ, ચૂનો, મેથી અને અન્ય કુદરતી સામગ્રીનો ઉપયોગ કરાશે, જેથી દરવાજાની હેરિટેજ વેલ્યુ જળવાઈ રહે. કોન્ટ્રાક્ટરને કડક સૂચના અપાઈ છે કે ઇમારતનો લુક કે ઓળખમાં કોઈ ફેરફાર ન થાય. આ પ્રોજેક્ટ દોઢ વર્ષથી લઈ વધુમાં વધુ 27 મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. મનપાના આ પ્રયાસથી આગામી 50 વર્ષ સુધી માંડવી દરવાજાની મજબૂતી જળવાઈ રહેશે અને વડોદરાના ઐતિહાસિક ગૌરવમાં વધારો થશે.




**વડોદરા મહાનગરપાલિકા દ્વારા ઐતિહાસિક માંડવી દરવાજાના રિસ્ટોરેશનની કામગીરી ₹4.96 કરોડના ખર્ચે હાથ ધરવામાં આવી છે. આગામી 50 વર્ષને ધ્યાનમાં રાખીને, પરંપરાગત મટિરિયલ જેવા કે ગુગળ, ચૂનો અને મેથીના ઉપયોગથી આ સ્થાપત્યને નવજીવન આપવામાં આવશે.**

## લા પીનોઝ પીઝામાં નીકળ્યું પ્લાસ્ટિક: વડોદરા મનપાએ ફટકાર્યો દંડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં ફૂડ સેફ્ટીના નામે માત્ર નાટક ચાલી રહ્યું હોય તેવું ફરી એકવાર સાબિત થયું છે. વાસણા-ભાયલી રોડ પરની પ્રખ્યાત લા પીનોઝ પીઝા આઉટલેટમાં ગ્રાહકોને પીઝા સાથે પ્લાસ્ટિકના ટુકડા પીરસવામાં આવી રહ્યા છે. એક ગ્રાહકે સોશિયલ મીડિયા પર પુરાવા સાથે વીડિયો વાયરલ કર્યો કે કેવી રીતે મેક્સિકન પીઝાના ટુકડામાં પ્લાસ્ટિક છુપાયેલું હતું. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે લા પીનોઝ જેવી મોટી ચેઈન પણ રસોડામાં હાઈજીન અને સેફ્ટીના કોઈ નિયમો પાળતી નથી.

ગ્રાહકની સતર્કતાને કારણે તેની માસૂમ બાળકી મોતના મુખમાંથી બચી ગઈ હતી. આ ઘટનાની ગંભીરતાને સમજવાને બદલે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે માત્ર ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારીને આઉટલેટને છૂટો દોર આપી દીધો છે. સેનેટરી ઈન્સ્પેક્ટર હરિઓમ પટેલના જણાવ્યા મુજબ, સિનિયર અધિકારીઓની સૂચનાથી કાર્યવાહી કરવામાં આવી છે અને સેમ્પલ લેવામાં આવ્યા છે. પરંતુ જનતા પૂછી રહી છે કે શા માટે આવા જોખમી આઉટલેટ્સને સીલ કરવામાં આવતા નથી? શું તંત્રના અધિકારીઓ અને આઉટલેટ માલિકો વચ્ચે કોઈ આંતરિક સાંઠગાંઠ છે? વારંવાર આવી ફરિયાદો છતાં માત્ર દંડની રમત રમાઈ રહી છે અને જનતાના સ્વાસ્થ્યને ભગવાન ભરોસે છોડી દેવામાં આવ્યું છે.

**વડોદરાના વાસણા-ભાયલી રોડ સ્થિત લા પીનોઝ પીઝા આઉટલેટમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે. ગ્રાહકના પીઝામાંથી પ્લાસ્ટિકનો ટુકડો નીકળતા હોબાળો મચ્યો હતો. પાલિકાએ માત્ર ૧૦ હજારનો નજીવો દંડ વસૂલી સંતોષ માન્યો છે, જે તંત્રની રહેમનજર સૂચવે છે.**



## વડોદરા: સેલ્સ મેનેજર સાથે ₹20.87 લાખની સાયબર ઠગાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ન્યૂ વી.આઈ.પી. રોડ વિસ્તારમાં રહેતા 54 વર્ષીય સેલ્સ મેનેજર પાસેથી સાયબર ઠગોએ આયોજનબદ્ધ રીતે ₹20.87 લાખ પડાવી લીધા છે. આ છેતરપિંડીની શરૂઆત સોશિયલ મીડિયા પર મળેલી એક ફ્રેન્ડ રિકવેસ્ટથી થઈ હતી. 'રિયા ગુપ્તા' નામની પ્રોફાઈલથી સંપર્ક કરી ઠગોએ ફરિયાદીને ડોલરમાં રોકાણ કરવાથી ઈન્ટરનેશનલ માર્કેટમાં મોટો નફો થવાની લાલચ આપી હતી. ઠગોએ ફરિયાદીને વિશ્વાસમાં લેવા માટે એક નકલી ટ્રેડિંગ પ્લેટફોર્મ પર આઈડી-પાસવર્ડ બનાવી આપ્યો હતો. શરૂઆતમાં નાનું રોકાણ કરાવી નફો આપવાની પદ્ધતિ અપનાવીને ઠગોએ મેનેજરનો ભરોસો જીત્યો હતો. વધુ પ્રોફિટ મેળવવાની આશાએ સેલ્સ મેનેજરે ટુકડે-ટુકડે કુલ ₹22.67 લાખ વિવિધ બેંક ખાતાઓમાં જમા કરાવ્યા હતા. આ રકમ સામે તેમને પોર્ટલ પર પ્રોફિટ તો દેખાતો હતો, પરંતુ જ્યારે રકમ ઉપાડવાની વાત આવી ત્યારે ઠગોએ હાથ ઊંચા કરી દીધા હતા. માત્ર ₹80 હજાર પરત કરી બાકીની રકમ ઓળવી જતાં સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી છે.

**વડોદરાના એક ખાનગી કંપનીના સેલ્સ મેનેજર સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. ફેસબુક પર રિયા ગુપ્તા નામની યુવતીએ મિત્રતા કરી તેમને ડોલર ટ્રેડિંગમાં રોકાણ કરવાની સલાહ આપી હતી. ત્યારબાદ વિક્રમસિંહ નામના શખ્સે ટ્રેડિંગ પ્લેટફોર્મ પર રજિસ્ટ્રેશન કરાવી વિશ્વાસ જીતવા શરૂઆતમાં ₹11 હજારનો પ્રોફિટ આપ્યો હતો. વધુ વળતરની લાલચે મેનેજરે કુલ ₹22.67 લાખ ટ્રાન્સફર કર્યા હતા, જેમાંથી માત્ર ₹80 હજાર પરત મળ્યા હતા. બાકીના ₹20.87 લાખ ગુમાવતા તેમણે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# ગુજરાત: ચૂંટણી પંચ અને ભાજપની મિલીભગતનો અમિત ચાવડાનો આક્ષેપ

## અમિત ચાવડાએ ફોર્મ-૭ મુદ્દે ચૂંટણી પંચ અને ભાજપને ઘેર્યા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે પત્રકાર પરિષદમાં ચૂંટણી પંચ અને શાસક પક્ષ ભાજપ વચ્ચેની સાંઠગાંઠને ખુલ્લી પાડી છે. ચાવડાએ દાવો કર્યો છે કે ગુજરાતમાં ૧૨% એટલે કે અંદાજે ૬૨ લાખ જેટલા મતદારો શંકાસ્પદ હોવાનું જણાવી તેમને હટાવવા માટે 'વોટ ચોરી'નું એક બહુ મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. જે રીતે ૧૮ જાન્યુઆરીની ડેડલાઈન પૂર્વે રાતોરાત લાખોની સંખ્યામાં ફોર્મ-૭ નો ખડકલો થયો, તે કોઈ જાદુ નથી પણ લોકશાહીની હત્યા કરવાનું સુનિયોજિત પ્લાનિંગ છે.

ચૂંટણી પંચની ભૂમિકા પર સવાલ ઉઠાવતા ચાવડાએ કહ્યું કે, પંચે અગાઉ ૧૨.૫૯ લાખ ફોર્મની વાત કરી, પછી ૯.૫ લાખ અને હવે ૧.૮૩ લાખ પર આવી ગયું છે. આ આંકડાકીય વિસંગતતા શું છુપાવવા માટે છે? કમલમ કાર્યાલયથી લાખો પ્રિન્ટેડ ફોર્મ-૭ અધિકારીઓની સહી સાથે કેવી રીતે વહેંચાયા? આણંદમાં ૬૯,૦૫૭ ફોર્મમાંથી માત્ર ૭૪૭ અને ખેડામાં ૧.૩૫ લાખમાંથી માત્ર ૧૦૨૫ ફોર્મ સ્વીકારાયા, જેનો અર્થ એ છે કે ૯૯% થી વધુ વાંધા તદ્દન ખોટા અને પાયાવિહોણા હતા. આ સ્પષ્ટપણે ભારત ન્યાય સંહિતા મુજબ ફોજદારી ગુનો છે. ભાજપના મળતિયાઓએ ખોટી સહીઓ અને ખોટા સરનામાં ઊભા કરીને સાચા મતદારોને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો છે.

અમિત ચાવડાએ તંત્રને પડકાર ફેંકતા કહ્યું કે, જે સીસીટીવી ફૂટેજમાં ભાજપના કાર્યકરો થપ્પાબંધ ફોર્મ જમા કરાવવા આવ્યા છે તેને જાહેર કરવામાં આવે. એક તરફ તંત્ર સામાન્ય નાગરિક સામે કડક થાય છે, તો બીજી તરફ લાખો બોગસ ફોર્મ રજૂ કરનારા ભાજપના મળતિયાઓ સામે ફોજદારી કાર્યવાહી કેમ નથી કરતું? શું ચૂંટણી પંચ સરકારની કઠપૂતળી બની ગયું છે? કોંગ્રેસે આક્રમક વલણ અપનાવતા કહ્યું છે કે, જે અધિકારીઓએ ભાજપના એજન્ટ બનીને આ ષડયંત્રમાં સાથ આપ્યો છે તેમને કોઈ પણ સંજોગોમાં છોડવામાં નહીં આવે. ગુજરાતના ખૂણે ખૂણે કોંગ્રેસ આ ષડયંત્રને ખુલ્લું પાડશે અને જો જરૂર જણાશે તો સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવીને પણ સાચા મતદારોના અધિકારનું રક્ષણ કરશે. આ લડાઈ હવે માત્ર કોંગ્રેસની નથી, પણ લોકશાહી બચાવવાની લડાઈ છે.




**ગુજરાતમાં લોકશાહીનું ગળું ટૂંપવાનું સુનિયોજિત ષડયંત્ર ખેલાયું છે. અમિતભાઈ ચાવડાએ આક્ષેપ કર્યો છે કે ભાજપ અને ચૂંટણી પંચની મિલીભગતથી લાખો સાચા મતદારોના મતાધિકાર છીનવવાનો પ્રયાસ થયો છે, જેમાં ફોર્મ-૭ ના આંકડામાં મોટી માયાજાળ રચવામાં આવી છે.**

# ઓડ: સરદાર પટેલ વિનય મંદિરમાં અમેરિકન કોન્સ્યુલેટ દ્વારા સાયબર શિબિર

**દૈનિક પલ્સ સમાચાર:** વિદ્યાર્થીઓમાં વધતા જતા ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાના વળગણને ધ્યાનમાં રાખીને, ઓડની સરદાર પટેલ વિનય મંદિર શાળામાં સાયબર સુરક્ષા અંગેની બે દિવસીય શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં દિલ્હી સ્થિત અમેરિકન કોન્સ્યુલેટની ટીમે માર્ગદર્શક તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમની શરૂઆત લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને વંદન કરી અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. અમેરિકન કોન્સ્યુલેટની ટીમના સભ્યો શ્રીમતી અલકા સક્સેના અને પૂજા કિંગરનું ભવ્ય સ્વાગત કર્યા બાદ શિબિરનો પ્રારંભ થયો હતો. નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું કે ડિજિટલ પ્લેટફોર્મ પર કેવી રીતે સતર્ક રહી શકાય. ખાસ કરીને ચિત્ર ફિલ્મના માધ્યમથી મોબાઈલ એપ અને સોશિયલ મીડિયાના સુરક્ષિત વપરાશ વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઓડ કેળવણી મંડળના હોદ્દેદારો કૌશિકભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, દિપેનભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ચોચા સાહેબે આંતરરાષ્ટ્રીય ટીમની મુલાકાત અને તેમના માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. શિબિરના અંતે વિદ્યાર્થીઓએ સાયબર સુરક્ષાને લગતા પ્રશ્નો પૂછી પોતાની મૂંઝવણો દૂર કરી હતી.



# મહીસાગર: લૂંટ અને ચોરી કરતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કરી છ રીઢા ગુનેગારોને ઝડપી પાડ્યા છે. જિલ્લા પોલીસ વડા સફીન હસનની સૂચનાથી LCB પીઆઈ એમ.કે. ખાંટ અને તેમની ટીમે ટેકનિકલ સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી. બાતમી મળી હતી કે એક અર્ટિગા કારમાં સશસ્ત્ર ટોળકી લૂંટના ઈરાદે ફરી રહી છે. જેના આધારે પોલીસે ભોજા ગામ પાસે કોર્ડન કરી છ આરોપીઓની ધરપકડ કરી હતી.

આ ટોળકી પાસેથી દેશી તમંચો, છ જીવતા કારતૂસ, જાળી કાપવાનું કટર અને અન્ય સાધનો મળી કુલ ₹6.31 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પૂછપરછમાં આરોપીઓએ જેઠોલીના સત કેવલ મંદિર, સોમગરના મુવાડા ગામે ઘરફોડ ચોરી અને આગરવાડા પાસે ગોગા મહારાજ મંદિરની દાનપેટીની ચોરીની કબૂલાત કરી છે. પકડાયેલા આરોપીઓ પૈકી પાંચ મધ્યપ્રદેશના છે, જેઓ રાત્રિના સમયે એકાંત વિસ્તારોમાં ધાડ પાડવાનું આયોજન કરતા હતા. આ સફળતાથી ખેડા અને મહીસાગર જિલ્લાના લૂંટના અનેક વણઉકેલ્યા ગુનાઓ ઉકેલાયા છે.



# કોયલી ગામમાં 22 વર્ષીય યુવકે ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના કોયલી ગામમાં એક આશાસ્પદ યુવકના આપઘાતની હૃદયદ્રાવક ઘટના બની છે. ઇન્દિરા નગરમાં રહેતા ૨૨ વર્ષીય વિજય નટુભાઈ પરમારે રાત્રિના સમયે ઘરની નજીકના ખેતરમાં રાયણના ઝાડ પર ગળાફાંસો ખાઈ લીધો હતો. વિજય છૂટક ડ્રાઇવિંગના વ્યવસાય સાથે સંકળાયેલો હતો અને મોંઘા મોબાઈલનો શોખ ધરાવતો હતો.

મળતી માહિતી મુજબ, કામ-ધંધામાં નિરુત્સાહ અને પોતાની મરજી પ્રમાણે વર્તવાના કારણે પરિવારજનોએ તેને ઠપકો આપ્યો હતો. આ સામાન્ય ઠપકાથી આઘાત પામી તે રાત્રે ઘરેથી કોઈને કહ્યા વિના નીકળી ગયો હતો. બીજા દિવસે સવારે જ્યારે તેની માતા ચારો લેવા ખેતરે ગઈ, ત્યારે પુત્રને ઝાડ પર લટકતી હાલતમાં જોઈ તેમની ચીસ નીકળી ગઈ હતી. ગ્રામજનોએ તાત્કાલિક જવાહરનગર પોલીસને જાણ કરી હતી. પોલીસે વિજયનો મોબાઈલ ફોન કબજે કરી મૃતદેહને સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. આ ઘટનાથી ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

# વડોદરા: હેર સલૂનમાં દારૂની મહેફિલ પર પોલીસનો દરોડો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે મુરલીધર કોમ્પ્લેક્સમાં સ્થિત 'ગાયત્રી હેર સલૂન'માં દરોડો પાડ્યો હતો. અહીં સલૂનની અંદર કેટલાક લોકો જાહેરબંધીનો ભંગ કરી દારૂની મહેફિલ માણી રહ્યા હતા. પોલીસે ઓચિંતી તપાસ કરતા ચાર શખસો દારૂ પીતા રંગેહાથ ઝડપાયા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં જીગ્નેશ વાળંદ, હર્ષદ લિંબાચીયા, ચિરાગ લિંબાચીયા અને અનિરુધ્ધ વાળંદનો સમાવેશ થાય છે. આ ચારેય શખસો હેર સલૂનનો વ્યવસાય કરે છે. તપાસ દરમિયાન પોલીસને સલૂનમાંથી સિગ્નેચર વ્હિસ્કી અને ઓલ સીઝન વ્હિસ્કીની બોટલો તેમજ બડવાઇઝર બીયરના ચાર ટીન મળી આવ્યા હતા. મહેફિલ માણવા માટે ઉપયોગમાં લેવાયેલા સાધનો અને ચાર મોબાઈલ ફોન પણ પોલીસે કબજે કર્યા છે. લક્ષ્મીપુરા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી છે અને આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે અંગે પૂછપરછ હાથ ધરી છે.

# વડોદરા SSG હોસ્પિટલ બાળકની શ્વાસનળીમાં ઠળિયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની સરકારી એસએસજી હોસ્પિટલના તબીબોએ એક અદભૂત તબીબી સિદ્ધિ હાંસલ કરી છે. રાજસ્થાનના એક 8 વર્ષના બાળકના ફેફસાં અને શ્વાસનળીમાં છેલ્લા 6 મહિનાથી ફસાયેલો દેશી બોરનો ઠળિયો દૂરબીન વડે સફળતાપૂર્વક કાઢી નાખવામાં આવ્યો છે. આ બાળક છેલ્લા અડધા વર્ષથી શ્વાસની તકલીફ અને વારંવાર થતા ન્યુમોનિયાને કારણે ભારે પીડામાં હતું.

બાળકના માતાપિતા તેને સારવાર માટે ઉદયપુર અને વડોદરાની ખાનગી હોસ્પિટલોમાં લઈ ગયા હતા, જ્યાં તેને ન્યુમોનિયા તરીકે ટ્રીટ કરવામાં આવતું હતું. જોકે, કોઈ સુધારો ન થતાં સીટી સ્કેન કરાવતા શ્વાસનળીમાં કોઈ પદાર્થ ફસાયેલો હોવાનું જણાયું હતું. આર્થિક રીતે નબળા પરિવારે એસએસજી હોસ્પિટલના ENT વિભાગનો સંપર્ક કર્યો. ડૉ. જયમન રાવલના માર્ગદર્શન હેઠળ બાળકની બ્રોન્કોસ્કોપી કરવામાં આવી હતી. સર્જરી દરમિયાન જોવા મળ્યું કે ઠળિયો જમણી બાજુથી ખસીને ડાબી બાજુ આવી ગયો હતો, છતાં તબીબોએ કુશળતાપૂર્વક તેને બહાર કાઢ્યો હતો. હવે બાળક જોખમ મુક્ત છે.

સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫

# બાલાસિનોર કોલેજ દ્વારા હાંડિયા ગામે NSS વાર્ષિક શિબિરનો પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** બાલાસિનોર તાલુકાના હાંડિયા ગામમાં શૈક્ષણિક અને સામાજિક સેવાનો સંગમ જોવા મળી રહ્યો છે. બાલાસિનોર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના NSS એકમ દ્વારા 9 ફેબ્રુઆરીથી 16 ફેબ્રુઆરી, 2026 દરમિયાન વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. 'મારું ગામ, મારું ગૌરવ' થીમ હેઠળ આયોજિત આ શિબિરનો શુભારંભ કોલેજના આચાર્ય ડૉ. દિનેશભાઈ માછીના અધ્યક્ષસ્થાને થયો હતો.

આ એક સપ્તાહની શિબિર દરમિયાન શિબિરાર્થીઓ ગામના સર્વાંગી વિકાસ માટે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરશે. ગ્રામજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે ગ્રામ સફાઈ, શૌચાલય સર્વેક્ષણ અને સૂત્ર લેખન જેવા કાર્યો થશે. આરોગ્ય ક્ષેત્રે બાળકો માટે વિશેષ તપાસ શિબિરનું પણ આયોજન છે. પર્યાવરણના જતન માટે વૃક્ષોને ગેરુ-ચુનાથી રંગવા, કાપડની થેલીઓનું વિતરણ અને પક્ષીઓ માટે કુંજા વિતરણ કરવામાં આવશે. શાળાના બાળકો માટે નિબંધ, ચિત્ર અને મેદાની સ્પર્ધાઓ દ્વારા તેમના કૌશલ્યને પ્રોત્સાહન અપાશે. આ પ્રસંગે ગામના સરપંચ જયેશભાઈ મહેરા, ભાજપ અગ્રણી ભરતભાઈ પટેલ અને કોલેજ સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિલીપ ઓડ અને પ્રા. સેજલ ગામીતની આગેવાનીમાં વિદ્યાર્થીઓ સેવા અને સમર્પણની ભાવના સાથે ગ્રામ ઉત્થાનમાં જોડાયા છે.



# બોરસદમાં ₹10 કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત સંપન્ન



**દૈનિક પલ્સ સમાચાર:** બોરસદ શહેરમાં રાજ્ય સરકારના સહયોગથી ₹10 કરોડના વિકાસ કામોનો પ્રારંભ થયો છે. કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીએ ₹7.05 કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૨૦૦૦ મેટ્રિક ટન ક્ષમતાના અનાજ ગોડાઉનનું ખાતમુહૂર્ત કર્યું. સાથોસાથ, નગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તારોમાં માર્ગ, પાણી અને ડ્રેનેજ જેવા ₹2.91 કરોડના ૨૬ કામોની પણ શરૂઆત કરાઈ. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા પંચાયતના હોદ્દેદારો તેમજ વહીવટી અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

# વાસદ ટોલનાકા પાસે ₹11.34 લાખનો મુદ્દામાલ જપ્ત



**દૈનિક પલ્સ સમાચાર:** આણંદના વાસદ ટોલનાકા પાસે પોલીસે બાતમીના આધારે હાથ ધરેલી તપાસમાં દારૂની હેરાફેરીનો નવો કીમિયો પકડાયો છે. રોડની સાઈડમાં ઉભેલા એમપી પાસિંગના પીકઅપ ડાલામાં સડેલા વટાણાની બોરીઓ નીચે ₹4.34 લાખની કિંમતનો વિદેશી દારૂ છુપાવવામાં આવ્યો હતો. પોલીસને જોઈ ચાલક ખેતરાળ માર્ગે નાસી છૂટ્યો હતો. પોલીસે વાહન અને દારૂ મળી કુલ ₹11.34 લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

# જૂના બસ સ્ટેશનની 87 ગેરકાયદે દુકાનો હટાવવા અંતિમ નોટિસ



**દૈનિક પલ્સ સમાચાર:** આણંદ મહાનગરપાલિકા દ્વારા શહેરના જૂના બસ સ્ટેશન અને રાજા રણછોડરાય માર્કેટમાં દાયકાઓ જૂના દબાણો હટાવવાની કવાયત તેજ કરાઈ છે. એસ્ટેટ વિભાગે ડ્રોન સર્વેના આધારે 87 વેપારીઓને આગામી સોમવાર સુધીમાં સ્વેચ્છાએ દબાણ દૂર કરવા અંતિમ ચેતવણી આપી છે. આ જગ્યા ખાલી થતા રેલવે સ્ટેશન પાસે પાર્કિંગ અને સીટી બસ સ્ટેન્ડ જેવી જનસુવિધાઓ ઊભી કરવાનું આયોજન છે, જેથી મુસાફરોની અવરજવર સરળ બનશે.

# વડોદરા: ભાજપ યુવા મોરચા દ્વારા બજેટ ૨૦૨૬ પર 'યુવા સંવાદ' યોજાયો

## વડોદરામાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬ અંતર્ગત યોજાયો ભવ્ય યુવા સંવાદ



**દૈનિક પલ્સ સમાચાર:** ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ના વિશ્લેષણ અને જનજાગૃતિ માટે 'યુવા સંવાદ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષી અને મુખ્ય વક્તા તેમજ પ્રદેશ મંત્રી સંજયભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનો હેતુ બજેટમાં યુવાનો માટે રહેલી તકોને ઉજાગર કરવાનો હતો.

મહાનગર અધ્યક્ષ ડો. જયપ્રકાશ સોનીએ સંબોધનમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રજૂ થયેલું આ બજેટ આજના યુવાને આવતીકાલના ભારતના ભાગ્યવિધાતા બનાવશે. ૨૦૪૭માં ભારત જ્યારે આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરતું હશે ત્યારે આજના યુવાનો વિકસિત ભારતના સ્તંભો હશે. પ્રદેશ મંત્રી સંજયભાઈએ માહિતી આપી હતી કે ૫૩.૫૦ લાખ કરોડ રૂપિયાનું આ વર્ષનું બજેટ રોજગારી સર્જન અને ટેકનોલોજી પર કેન્દ્રિત છે. આ વખતના બજેટમાં સૌથી નોંધપાત્ર બાબત એ છે કે સરકારે એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક (AVGC) સેક્ટરને ઉદ્યોગ તરીકે સત્તાવાર ઓળખ આપી છે. ૨૦૩૦ સુધીમાં આ ઉદ્યોગમાં ૨૦ લાખ જેટલા કુશળ પ્રોફેશનલ્સની જરૂરિયાતને પહોંચી વળવા માટે મુંબઈમાં 'ભારતીય ક્રિએટિવ ટેકનોલોજી સંસ્થાન' સ્થાપવામાં આવશે. આ ઉપરાંત, દેશની ૧૫૦૦ શાળાઓ અને ૫૦૦ કોલેજોમાં કન્ટેન્ટ ક્રિએશન માટેના વિશેષ પ્રસ્તાવ રાખવામાં આવ્યા છે, જેથી યુવાનો 'Job Seekers' ને બદલે 'Job Givers' બની શકે. ટેકનોલોજી ક્ષેત્રે ભારત ૨૦૩૦ સુધીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. સ્પોર્ટ્સમાં પણ 'ખેલો ભારત' યોજના હેઠળ વધુ બજેટ ફાળવીને યુવાનોને વૈશ્વિક સ્તરે દેશનું નામ રોશન કરવા પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. યુવા મોરચાના અધ્યક્ષ મૌલિકભાઈ દેસાઈ અને તેમની ટીમના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વડોદરાના યુવાનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને બજેટની વિવિધ યોજનાઓ વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી.

**ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ અંતર્ગત 'યુવા સંવાદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનગર અધ્યક્ષ ડો. જયપ્રકાશ સોનીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પ્રદેશ મંત્રી સંજયભાઈ દેસાઈ અને વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષી ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ જણાવ્યું હતું કે ૫૩.૫૦ લાખ કરોડનું આ બજેટ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં પાયાનું સાબિત થશે. કાર્યક્રમમાં યુવાનોની રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદારી અને રોજગાર મેળવનારને બદલે રોજગાર આપનાર (Job Giver) બનવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.**

# સુરત: કોંગ્રેસના 300થી વધુ આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત શહેરના રાજકારણમાં આજે મોટો વળાંક આવ્યો છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી અને રામ ધડુકની હાજરીમાં કોંગ્રેસના ૩૦૦થી વધુ પદાધિકારીઓ અને સામાજિક આગેવાનોએ 'આપ'માં પ્રવેશ કર્યો છે. કોંગ્રેસમાં નવા શહેર પ્રમુખની વરણી બાદ સર્જાયેલા વિવાદના પરિણામે આ મોટા પાયે પક્ષપલટો થયો છે. આમ આદમી પાર્ટીમાં જોડાયેલા મુખ્ય ચહેરાઓમાં દલિત સમાજના અગ્રણી કિરીટ વાઘેલા, મહિલા મોરચાના મીરાબેન બાવીસ્કર, પ્રવક્તા કલ્પેશ બારોટ અને યુવા નેતા અનસ મલિકનો સમાવેશ થાય છે. આ પ્રસંગે મનોજ સોરઠીયાએ ભાજપ પર પ્રહારો કરતા કહ્યું કે, ભાજપે સંસ્થાઓને ગુલામ બનાવી સત્તા ટકાવી રાખી છે. સુરતની ગલીઓમાં દારૂ અને ડ્રગ્સના અડ્ડાઓ ધમધમી રહ્યા છે અને સરકારી પ્રોજેક્ટ્સમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ફિરોઝ મલેક જેવા સેવાભાવી નેતાઓના જોડાવાથી પાર્ટી વધુ મજબૂત બની છે. હવે 'આપ' સુરતમાં બાપ-બેટાની સરકાર સામે અને ભ્રષ્ટાચાર સામે ખભેથી ખભો મિલાવીને લડશે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સુરતના લોકો જે નવું સુરત ઝંખે છે, તે બનાવવાની જવાબદારી આ નવી ટીમ સાથે પૂર્ણ કરવામાં આવશે.



**સુરત કોંગ્રેસમાં મોટા પાયે ભંગાણ સર્જાયું છે. પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની હાજરીમાં ૩૦૦થી વધુ સામાજિક અને રાજકીય આગેવાનો વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. નવા શહેર પ્રમુખની નિમણૂક બાદ કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક વિખવાદનો 'આપ'ને મોટો ફાયદો થયો છે.**

# પત્નીના ૧૭.૪૬ લાખ હડપનાર છેતરપિંડીખોર પતિની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** જેની પાસે સુરક્ષાની આશા હતી, તે જ પતિ લૂંટારો નીકળ્યો! સુરતના અઠવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ઠગ પતિ મનીષ શાહે પોતાની પત્નીની જિંદગીની કમાણી પર તરાપ મારી છે. વર્ષ ૨૦૨૧માં શરૂ થયેલા આ કાળા ખેલમાં મનીષે LICના ફોર્મમાં નોમિની તરીકે રહેલા પિતાના નામ પર વ્હાઈટનર મારી પત્નીની બોગસ સહી કરી પોતાનું નામ ચઢાવી દીધું હતું. આટલું જ નહીં, બેંકના જોઈન્ટ ખાતાનો કેન્સલ ચેક વાપરીને ૧૭.૪૬ લાખ રૂપિયા હડપ કરી લીધા હતા. અઠવા પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે આ છેતરપિંડીખોર પતિને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. ચોંકાવનારી વાત એ છે કે આ કૌભાંડમાં LICના લોન સેક્શનના અધિકારીઓ પણ સામેલ હોવાની આશંકા છે. સાક્ષી તરીકે સહી કરનાર જયેશ શાહ અને તત્કાલીન LIC અધિકારીઓની ધરપકડ માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પત્ની સાથે દગો કરનાર આ પતિએ સાબિત કર્યું છે કે લાલચ આગળ સંબંધોની કોઈ કિંમત નથી.

**સુરતમાં પવિત્ર સંબંધોને લાંછન લગાડતી ઘટના સામે આવી છે. અઠવા પોલીસે પોતાની જ પત્નીના ૧૭.૪૬ લાખ રૂપિયા હડપ કરનાર ઠગ પતિ મનીષ શાહને દબોચી લીધો છે. પત્નીની LIC પોલિસીમાં બોગસ સહીઓ કરી નાણાં પડાવનાર આ શખ્સે વર્ષ ૨૦૨૧થી ષડયંત્ર રચ્યું હતું.**

# વરઘોડામાં ફટાકડા ફાટતા મહિલાઓ અને બાળક ઈજાગ્રસ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ઉમરેઠમાં વરઘોડાના નામે કાયદાના ધજાગરા ઉડાડવાની આદત આજે લોહીયાળ સાબિત થઈ છે. પીપળી માતા વિસ્તારમાંથી પસાર થતા એક વરઘોડામાં કરવામાં આવેલી આંધળી આતશબાજીએ રસ્તા પર ઉભેલા નિર્દોષોને નિશાન બનાવ્યા. અચાનક ફટાકડા ફાટતા સર્જાયેલી અફરાતફરીમાં ત્રણ મહિલા અને એક માસૂમ બાળક તેની ઝપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં દાઝી ગયેલા લોકોની હાલત જોઈને પણ શું આયોજકોની આંખ ખુલશે? બેદરકારીની હદ તો જુઓ, ભીડભાડ વાળા વિસ્તારમાં સુરક્ષાના કોઈ પણ ધારાધોરણ વગર મોટા પાયે ફટાકડા ફોડવામાં આવ્યા. ઉમરેઠ પોલીસે હવે ગુનો નોંધી તપાસનો દોર શરૂ કર્યો છે. શું પોલીસ માત્ર કાગળ પરની કાર્યવાહી કરશે કે પછી લોકોના જીવ સાથે રમનાર આતશબાજીના શોખીનોને જેલના સળિયા પાછળ ધકેલશે? સવાલ એ પણ છે કે પરવાનગી વગર આવા જોખમી કૃત્યો કરવાની છૂટ કોણ આપે છે?



**ઉમરેઠના પીપળી માતા વિસ્તારમાં વરઘોડા દરમિયાન ફટાકડા ફાટતા 3 મહિલા અને 1 બાળક દાઝ્યા. પોલીસની બેદરકારો સામે તપાસ શરૂ.**

# બાલાસિનોર: નિર્મલ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિજ્ઞાનમેળો અને વાર્ષિકોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** બાલાસિનોરની નિર્મલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ત્રિ-દિવસીય સંગમ જોવા મળ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ભવ્ય વિજ્ઞાનમેળાથી થઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતાનો પરિચય આપતા ૧૫૦થી વધુ વિજ્ઞાન પ્રોજેક્ટ્સ અને ચાર્ટ્સ રજૂ કર્યા હતા. નિર્ણાયકોએ પ્રોજેક્ટ્સની ઝીણવટભરી તપાસ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. બીજા દિવસે શાળાના વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય માનસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે નગરપાલિકા પ્રમુખ ગાયત્રીબેન, સભ્ય સંગીતાબેન ચૌહાણ અને લાયન્સ ક્લબના પ્રમુખ પ્રવિણભાઇ સેવક પણ હાજર રહ્યા હતા. શાળાના ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ ગીતો પર ડાન્સ પરફોર્મન્સ આપી વાતાવરણને ઉત્સાહમય બનાવી દીધું હતું.

કાર્યક્રમના ત્રીજા તબક્કામાં 'આનંદમેળો' યોજાયો હતો. શાળાના મેદાનમાં સ્ટાફ દ્વારા ૪૦થી વધુ સ્ટોલ્સ તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાં વિવિધ વાનગીઓ, કોલ્ડ ડ્રિંક્સ અને આઈસ્ક્રીમની વ્યવસ્થા હતી. રમત-ગમતના સાધનોએ બાળકોના આનંદમાં વધારો કર્યો હતો. શાળાના સંચાલક સમીરાબેન બાબી, આચાર્ય અને શિક્ષકગણની જહેમતથી આ ત્રણેય દિવસના કાર્યક્રમો સફળ રહ્યા હતા. વાલીઓએ પણ શાળાની આ પહેલને બિરદાવી હતી, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.




**બાલાસિનોરની નિર્મલ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિજ્ઞાનમેળો, વાર્ષિકોત્સવ અને આનંદમેળાનું ત્રિ-દિવસીય આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓએ ૧૫૦થી વધુ વિજ્ઞાન પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા, જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૩૫૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પ્રતિભા દર્શાવી હતી.**

# ગુજરાત યુનિવર્સિટી: સ્વામી વિવેકાનંદના ઉદ્દબોધનની ૧૨૫મી વર્ષગાંઠ

**દૈનિક પલ્સ સમાચાર**: અમદાવાદમાં આવેલી ગુજરાત યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. સ્વામી વિવેકાનંદજીએ ૧૨૫ વર્ષ પૂર્વે અમેરિકાના શિકાગોમાં યોજાયેલી વિશ્વ ધર્મ પરિષદમાં જે ઐતિહાસિક ઉદ્દબોધન આપ્યું હતું, તેની ૧૨૫મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ રાજ્યશાસ્ત્ર વિભાગ અને રાષ્ટ્રીય જાગરણ અભિયાનના સંયુક્ત ઉપક્રમે યોજાશે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીને ભારતીય દર્શન અને વિવેકાનંદજીના વિચારોથી પરિચિત કરાવવાનો છે. આ કાર્યક્રમ તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬, શુક્રવારના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન ખાતે આવેલા રાજ્યશાસ્ત્ર વિભાગના એમ-૩ હોલમાં યોજાશે. ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદજીના શિકાગો ભાષણે સમગ્ર વિશ્વમાં ભારતની જ્ઞાન-પરંપરા અને આધ્યાત્મિકતાનો પરિચય કરાવ્યો હતો. આ ઐતિહાસિક ઘટનાને સવા સદી પૂર્ણ થવાના અવસરે યોજાનારા આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના જાણીતા પ્રાધ્યાપકો અને વિશિષ્ટ અતિથિઓ ખાસ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમ દરમિયાન યોજાનારા વ્યાખ્યાનમાં સ્વામી વિવેકાનંદજીના જીવનના વિવિધ પાસાઓ, રાષ્ટ્રનિર્માણમાં તેમનું ચિંતન અને યુવાનો માટેની તેમની શીખ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. વર્તમાન સમયમાં જ્યારે યુવા પેઢી વૈશ્વિકરણના પ્રવાહમાં છે, ત્યારે રાષ્ટ્રીય ચેતના અને સાંસ્કૃતિક ગૌરવ જાળવી રાખવા માટે વિવેકાનંદજીના વિચારો કેટલા અનિવાર્ય છે, તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવશે. વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક મૂલ્યો અને સામાજિક જવાબદારી પ્રત્યે સભાનતા લાવવી એ આ આયોજનનું મુખ્ય લક્ષ્ય છે.

રાજ્યશાસ્ત્ર વિભાગે એક પ્રેસ નોંધ દ્વારા યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ, વિવિધ વિષયોના સંશોધકો અને સ્વામી વિવેકાનંદજીના વિચારોમાં રસ ધરાવતા તમામ નાગરિકોને આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે. આ કાર્યક્રમ માત્ર એક ઉજવણી નહીં પરંતુ યુવા મનસમાં રાષ્ટ્રવાદ અને માનવતાના મૂલ્યોનું સિંચન કરવા માટેનું એક પ્રેરણાદાયી માધ્યમ બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. સમયસર ઉપસ્થિત રહીને આ બૌદ્ધિક ચર્ચાનો લાભ લેવા વિભાગ દ્વારા અનુરોધ કરાયો છે. **રાજ્યશાસ્ત્ર વિભાગ**
**ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**




**અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગ અને રાષ્ટ્રીય જાગરણ અભિયાનના સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદજીના વિશ્વ વિખ્યાત શિકાગો ભાષણની ૧૨૫મી વર્ષગાંઠ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાશે. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે એમ-૩ હોલ ખાતે આ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ચેતના અને સાંસ્કૃતિક ગૌરવની ભાવના જગાડવાનો છે. આ પ્રસંગે વિવિધ મહાનુભાવો અને પ્રાધ્યાપકો ઉપસ્થિત રહી વિવેકાનંદજીના વિચારો અને આજના સમયમાં તેની પ્રસ્તુતતા વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપશે.**

# કેરવ એન્જિનિયર લિખિત રણથંભોરના વન્યજીવન પરના પુસ્તકનું ભવ્ય લોકાર્પણ

## કેરવ એન્જિનિયરના પુસ્તક "રણથંભોર - 50 આઈકોન્સ"નું વિમોચન

**દૈનિક પલ્સ સમાચાર:** વન્યજીવન સંરક્ષણ અને ફોટોગ્રાફીના શોખીનો માટે એક મહત્વના સમાચાર છે. કેરવ એન્જિનિયર લિખિત નવું પુસ્તક "રણથંભોર - 50 આઈકોન્સ" સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યું છે. આ પુસ્તક વન્યજીવનની દુનિયામાં રણથંભોરના 50 વર્ષના પ્રદાન અને તેની સુંદરતાને મૂર્તિમંત કરે છે. લોકાર્પણ સમારોહમાં વરિષ્ઠ નેતા શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ હાજરી આપી હતી. તેમણે પુસ્તકનું અવલોકન કરી લેખકની દ્રષ્ટિ અને સંશોધનની પ્રશંસા કરી હતી. મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વન્યજીવન એ આપણો વારસો છે અને કેરવ એન્જિનિયર જેવા યુવાનો જ્યારે આ વિષય પર પુસ્તક લખે છે ત્યારે તે આવકારદાયક છે. આ કાર્યક્રમના આયોજનમાં એસ્ટ્રલ ફાઉન્ડેશનનું મહત્વનું યોગદાન રહ્યું હતું. એસ્ટ્રલ ફાઉન્ડેશન હંમેશા પર્યાવરણ અને સામાજિક કાર્યોમાં અગ્રેસર રહે છે, જે આ પુસ્તક લોન્ચિંગના પ્રાયોજક તરીકે પણ જોવા મળ્યું હતું. પુસ્તકમાં રણથંભોરના જાણીતા વાઘ અને અન્ય વન્યજીવોની વિગતો સચિત્ર આપવામાં આવી છે, જે વાચકોને જંગલના રોમાંચનો અનુભવ કરાવશે. આ લોકાર્પણ કાર્યક્રમ દ્વારા વન્યજીવનના જતનનો સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો. અંતમાં શાળા પરિવાર, પ્રકૃતિ પ્રેમીઓ અને આમંત્રિત મહેમાનોએ લેખકને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.



**રિપોર્ટ : ચેતન રાજપૂત**

# જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિએ ભવ્ય મહાઆરતી અને પ્રસાદ

**દૈનિક પલ્સ સમાચાર:** સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિ નિમિત્તે રાજકોટમાં ભક્તિનો સાગર છલકાયો હતો. રઘુવંશી મિત્ર મંડળ દ્વારા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બિગ બજાર પાસે આવેલા રાજ શૃંગાર પાર્ટી પ્લોટ ખાતે ગઈકાલે એક ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨ ફેબ્રુઆરીના પવિત્ર દિવસે સાંજે ૬:૩૦ કલાકે દિવ્ય મહાઆરતીનો પ્રારંભ થયો ત્યારે હજારો ભક્તોના 'જય જલારામ'ના નાદથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. બાપાની સેવા પરંપરાને જાળવી રાખતા, આરતી બાદ સાંજે ૭ થી ૧૦ કલાક દરમિયાન વિશાળ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. રાજકોટના વિવિધ વિસ્તારોમાંથી ઉમટી પડેલા હજારો લોહાણા જ્ઞાતિબંધુઓ અને બાળકોએ શિસ્તબદ્ધ રીતે પ્રસાદનો લાભ લીધો હતો. આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે જયેશભાઈ કક્કડ, હિતેષભાઈ અનડકટ, ભાવેશભાઈ રૂપારેલીયા અને તેમની કમિટીના સભ્યો તેમજ સ્વયંસેવકોએ ખડેપગે સેવા આપી હતી. હાર્દિક ચંદારાણાએ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું કે, આ ઉત્સવમાં સામાજિક એકતા અને સેવાના દર્શન થયા હતા. પૂજ્ય બાપાના સેવા મંત્રને વરેલા રઘુવંશી સમાજે આ દિવસે અતૂટ શ્રદ્ધા સાથે જલીયાણ બાપા પ્રત્યે પોતાની આસ્થા વ્યક્ત કરી હતી.



# અંબાજી પોલીસે ચીખલાની સીમમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષકની સૂચના મુજબ અંબાજી પોલીસ સ્ટેશનનો સ્ટાફ પ્રોહિબિશનની કામગીરીમાં હતો. આ દરમિયાન અ.પો.કો. મયુરકુમારને ખાનગી બાતમી મળી હતી કે એક જૂના મોડેલની મહિન્દ્રા થાર ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે કોટેશ્વર ત્રણ રસ્તા ખાતે વોચ ગોઠવી હતી.

બાતમી મુજબની રાજસ્થાન પાસિંગની ગાડી (RJ-24-TA-1584) દેખાતા પોલીસે તેને અટકાવવા ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે ગાડી ભગાવી હતી. પોલીસે પીછો કરીને આખરે ચીખલા ગામની સીમમાં ગાડીને ઘેરી લીધી હતી. જોકે, પોલીસ નજીક પહોંચે તે પહેલાં જ બુટલેગર ગાડી મૂકીને સીમમાં અદ્રશ્ય થઈ ગયો હતો. ગાડીની અંદર તપાસ કરતા પોલીસને અલગ-અલગ બ્રાન્ડના દારૂની કુલ 1912 બોટલો મળી આવી હતી, જેની કિંમત ₹3,30,408 થાય છે. આ ઉપરાંત ₹1,02,480ની કિંમતના બીયરના 336 ટીન પણ મળી આવ્યા હતા. પોલીસે દારૂ અને ગાડી મળી કુલ ₹6,32,888નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સફળ કામગીરીમાં અંબાજી પી.આઈ. સી.એફ. ઠાકોર અને તેમની ટીમ સામેલ હતી. હાલ ફરાર આરોપી વિરુદ્ધ અંબાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

**રિપોર્ટ :ભાનુભાઈ પરમાર**




**અંબાજી પોલીસે ચીખલા ગામની સીમમાં ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ ભરેલી એક થાર ગાડી ઝડપી પાડી છે. ગાડીમાંથી ₹4.32 લાખનો દારૂ અને બીયર મળી કુલ ₹6.32 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે, જ્યારે ચાલક અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.**

# મંજુસર: ગુપ્ત ખાનામાં દારૂની હેરાફેરી કરતી ગાડી પકડાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના મંજુસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) દારૂની હેરાફેરીના અનોખા કીમિયાનો પર્દાફાશ કર્યો છે. વડોદરા ગ્રામ્ય પોલીસે 'ઓપરેશન પરાક્રમ' હેઠળ બાતમીના આધારે એક ટાટા એસી વાહનને આંતર્યું હતું. પ્રથમ દ્રષ્ટિએ વાહન ખાલી જણાતું હતું, પરંતુ ઊંડાણપૂર્વક તપાસ કરતા વાહનના તળિયે એક અત્યાધુનિક ગુપ્ત ખાનું બનાવેલું મળી આવ્યું હતું. આ ખાનામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો છુપાવવામાં આવ્યો હતો.

આ કાર્યવાહીમાં પોલીસે ₹2,95,567ની કિંમતનો દારૂ, ₹2,00,000ની કિંમતનું વાહન અને ₹20,000ના બે મોબાઈલ ફોન મળી કુલ ₹5,15,567નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં છોટાઉદેપુરના કાળુ ઉર્ફે કલ્પેશ ચીમનભાઈ નાયક અને અરુણભાઈ હીરાભાઈ તડવીની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ મધ્યપ્રદેશ સરહદેથી આ દારૂનો જથ્થો લાવ્યા હતા અને વડોદરાના નમિસારા ગામના રાકેશને આ ડિલિવરી આપવાની હતી. આ ઘટનાએ સાબિત કર્યું છે કે બુટલેગરો હવે પોલીસથી બચવા માટે વાહનોમાં મોડિફિકેશન કરીને ગુપ્ત ખાનાઓનો ઉપયોગ કરી રહ્યા છે. હાલ પોલીસે મુખ્ય સપ્લાયર અને રિસીવર સુધી પહોંચવા માટે તપાસ તેજ બનાવી છે.






**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# નેત્રંગમાં ધારાસભ્ય રિતેશ વસાવાના હસ્તે નવીન શાળાનું થયું લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** નેત્રંગ ગામના શૈક્ષણિક માળખામાં નોંધપાત્ર પ્રગતિના ભાગરૂપે ગાંધી બજાર વિસ્તારની પ્રાથમિક કુમાર શાળાના નવનિર્મિત મકાનનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ખાસ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ધારાસભ્ય રિતેશભાઈ વસાવાએ તકતી અનાવરણ કરી શાળાનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, બાળકોને શિક્ષણ માટે ઉત્તમ સુવિધાઓ મળે તે સરકારની પ્રાથમિકતા છે.

આ સમારોહમાં નેત્રંગ તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્ય તેમજ ઝઘડિયા તાલુકા પંચાયત પ્રમુખે હાજરી આપી હતી. વહીવટી અધિકારીઓમાં નેત્રંગ તાલુકા વિકાસ અધિકારી (TDO) યોગેશ પવાર અને આર.એફ.ઓ (RFO) એમ.એફ. દિવાનની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. નવું શાળા ભવન આધુનિક સુવિધાઓથી સજ્જ છે, જે બાળકોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થશે. કાર્યક્રમ દરમિયાન વિવિધ સંગઠનોના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં વાલી મિત્રો હાજર રહ્યા હતા. શિક્ષક મિત્રો અને શાળા પરિવારે તમામ મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અંતમાં શાળાના આચાર્ય અને સ્ટાફે ધારાસભ્ય સહિતના તમામ મહાનુભાવોનો આભાર માન્યો હતો. આ સુવિધાથી ગાંધી બજાર અને આસપાસના વિસ્તારના મધ્યમ અને ગરીબ વર્ગના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મેળવવામાં સરળતા રહેશે.

**રિપોર્ટ : ભાવેશ વસાવા**



# નેત્રંગ: હલકી ગુણવત્તાના બ્લોક હટાવી નવું કામ શરૂ કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** નેત્રંગ નગરના મુખ્ય બજારમાં પેવર બ્લોક નાખવાના વિવાદાસ્પદ બનેલા કામમાં આખરે સુધારો કરવામાં આવ્યો છે. એક મહિના અગાઉ જ્યારે આ કામગીરી ચાલી રહી હતી, ત્યારે ગામલોકોએ બ્લોકની નબળી ગુણવત્તા અંગે ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાને રજૂઆત કરી હતી. સાંસદે રૂબરૂ મુલાકાત લઈને કામનું નિરીક્ષણ કર્યું હતું અને કામગીરીમાં દેખીતી નબળાઈ જણાતા તેને તુરંત અટકાવી દીધું હતું.

સાંસદના આકરા વલણ બાદ નેત્રંગ ગ્રામ પંચાયતે નબળા પેવર બ્લોકને સ્થળ પરથી હટાવી લીધા હતા. લાંબા સમયના વિરામ બાદ, હવે પંચાયત દ્વારા સારી ગુણવત્તાના મજબૂત પેવર બ્લોક મંગાવીને ફરીથી કામગીરીની શરૂઆત કરવામાં આવી છે. વિકાસના કામોમાં પારદર્શિતા અને ગુણવત્તા જળવાઈ રહે તે માટે સાંસદ દ્વારા લેવાયેલા પગલાંની સ્થાનિકો પ્રશંસા કરી રહ્યા છે. બજારના મુખ્ય માર્ગો પર બ્લોક બેસી જવાથી આગામી સમયમાં કાદવ-કીચડ અને ધૂળની સમસ્યામાંથી મુક્તિ મળશે.

**રિપોર્ટ : ભાવેશ વસાવા**



**નેત્રંગમાં સાંસદ મનસુખ વસાવાની દરમિયાનગીરી બાદ હલકી ગુણવત્તાના પેવર બ્લોક હટાવાયા. હવે નવી ગુણવત્તા સાથે કામગીરી શરૂ.**

# ભરૂચ: 580 કિલો ગાંજાના કેસમાં 4 આરોપીઓને 15 વર્ષની સખત કેદ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચની અદાલતે માદક પદાર્થોની હેરાફેરી કરતા તત્વો સામે લાલ આંખ કરી છે. વર્ષ 2018ના મધ્યમાં ભરૂચની નર્મદા ચોકડી વિસ્તારમાંથી ઝડપાયેલા 580 કિલોગ્રામ ગાંજાના ચકચારી કેસમાં પાંચમી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ પી.એમ. સોનીએ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ કેસની વિગત મુજબ, 14 જૂન 2018ના રોજ NCB અને રેવન્યુ ઇન્ટેલિજન્સની ટીમે બાતમીના આધારે નર્મદા હોટલ પાસે છટકું ગોઠવ્યું હતું. રાત્રિના સમયે અંકલેશ્વર તરફથી આવતા ટ્રકને અટકાવી તપાસ કરતા તેમાંથી મોટી માત્રામાં ગાંજો મળી આવ્યો હતો. સ્થળ પરથી ટ્રક ડ્રાઈવર પ્રમોદકુમાર પુરણસિંહ અને કંડક્ટર શિશુપાલ ગુલાબસિંહની ધરપકડ કરાઈ હતી. આ સાથે જ એક્ટિવા પર આ જથ્થો સ્વીકારવા આવેલા મનીષ હરીશભાઈ અને કમલ સામલને પણ દબોચી લેવાયા હતા. આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. કોર્ટમાં ચાલેલા ટ્રાયલ દરમિયાન જિલ્લા સરકારી વકીલ પરેશ બી. પંડ્યાએ ધારદાર દલીલો કરતા જણાવ્યું હતું કે નશીલા પદાર્થોનું વેચાણ સમાજ માટે ખતરારૂપ છે. કોર્ટે આ દલીલોને ગ્રાહ્ય રાખી ચારેય આરોપીઓને 15 વર્ષની સખત કારાવાસની સજા ફટકારી છે. આ સાથે જ તમામ આરોપીઓને 1 લાખ રૂપિયાનો દંડ ભરવા આદેશ કર્યો છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**



**NCB અમદાવાદ દ્વારા વર્ષ 2018માં ભરૂચની નર્મદા ચોકડી પાસેથી ઝડપાયેલા 580 કિલોગ્રામ ગાંજાના કેસમાં ભરૂચની કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. પાંચમી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આ કેસમાં ટ્રક ચાલક, કંડક્ટર અને અન્ય બે શખ્સો સહિત કુલ ચાર આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. જજ પી.એમ. સોનીએ તમામ આરોપીઓને 15 વર્ષની સખત કેદ અને 1 લાખ રૂપિયાના દંડની સજા સંભળાવી છે. સરકારી વકીલ પરેશ પંડ્યાની દલીલો અને રજૂ કરાયેલા પુરાવાઓને આધારે કોર્ટે આ કડક સજાનો આદેશ આપ્યો છે.**

# સુરતનો 'તાલીબાની' ચિરાગ ગોટી: ખંડણી અને અત્યાચારનું કાળું સામ્રાજ્ય

## ચિરાગ ગોટીનું પાશવી શાસન: ખંડણી, ડ્રગ્સ અને અત્યાચાર

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં ભય અને દહેશતનું બીજું નામ બની ગયેલા ચિરાગ ગોટીના ગુનાહિત સામ્રાજ્યના અંતની શરૂઆત થઈ ગઈ છે. પોલીસની તપાસમાં જે તથ્યો બહાર આવ્યા છે તે સાંભળીને કોઈ પણ સામાન્ય નાગરિકના રૂંવાડા ઉભા થઈ જાય તેમ છે. ભાગીદાર અલ્પેશ મિયાણીની કારમાં એમ.ડી. ડ્રગ્સ પ્લાન્ટ કરાવી તેને જેલ ભેગો કરવાનું કાવતરું ઘડનાર ચિરાગ અને તેનો ભાઈ નિરાંત ગોટી હવે પોતે જેલના સળિયા ગણી રહ્યા છે. આ દરમિયાન ચોકબજાર પોલીસે ચિરાગ, તેના પિતા ઘનશ્યામ અને ભાઈ સહિત સાત શખ્સો સામે જમીન દલાલ પાસે ખંડણી વસૂલવાનો નવો ગુનો નોંધ્યો છે.

ચિરાગ ગોટીની 'શ્યામ લુબ્રિકન્ટ્સ' કંપની, જે વાર્ષિક 107 કરોડનું ટર્નઓવર બતાવે છે, તે હકીકતમાં એક કાળું મહોરું હોવાનું સામે આવ્યું છે. આ કંપનીની આડમાં ચિરાગ જમીનના વિવાદોમાં દખલગીરી કરી પ્લોટ પચાવી પાડતો હતો. હથિયારો સાથેના ફોટા વાઇરલ કરીને સમાજમાં ડર ફેલાવવો અને ગણપતિ ઉત્સવમાં હવામાં ફાયરિંગ કરવું એ ચિરાગ માટે જાણે રમત હતી. સૌથી વધુ આશ્ચર્યજનક બાબત તો એ છે કે ભાજપના નેતાઓ સાથે તેના ઘનિષ્ઠ સંબંધો હતા, જેના ખેસમાં તેના ફોટા વાઇરલ થતા સુરતનું રાજકારણ પણ ગરમાયું છે. વિપક્ષનો સીધો આક્ષેપ છે કે રાજકીય રક્ષણના કારણે જ આ ગુંડો અત્યાર સુધી બેફામ રહ્યો હતો.

ચિરાગની ક્રૂરતાની કોઈ સીમા નહોતી. બીલીમોરામાં પોતાના જ સ્ટાફને દંડાથી માર મારવો કે ટેન્કર ડ્રાઈવરને નિર્વસ્ત્ર કરી તેનું અપમાન કરવું - આ તમામ કૃત્યોના વીડિયો તેણે પોતે જ ઉતાર્યા હતા. આ 'તાલીબાની' અત્યાચારના પુરાવાઓ હવે તેને કડક સજા અપાવવા માટે પૂરતા છે. એસીપી ઝવેરભાઈ દેસાઈની તલસ્પર્શી તપાસે આખા ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. સવાલ એ ઉઠે છે કે જે ગુંડો ખુલ્લેઆમ હથિયારો સાથે ફરતો હતો અને વર્ષોથી આતંક મચાવતો હતો, તેને પકડવામાં પોલીસને આટલો સમય કેમ લાગ્યો? શું સુરતના કાયદાના રક્ષકો ગુનેગારોના વગદાર સંપર્કોથી ડરી ગયા હતા? 'દૈનિક પલ્સ સમાચાર' માંગ કરે છે કે આવા નરાધમ સામે એવી કડક કાર્યવાહી થાય કે ભવિષ્યમાં કોઈ ચિરાગ ગોટી બનવાની હિંમત ન કરે.




**સુરતનું વહીવટી તંત્ર ઊંઘતું રહ્યું અને ચિરાગ ગોટી જેવો માથાભારે શખ્સ પોતાનું સમાંતર શાસન ચલાવતો રહ્યો. 'શ્યામ લુબ્રિકન્ટ્સ' જેવી 107 કરોડના ટર્નઓવરવાળી કંપની માત્ર એક મહોરું છે, જેની પાછળ પ્લોટ હડપવા અને ખંડણી ઉઘરાવવાનું ગંદું નેટવર્ક ચાલે છે. પોતાના જ કર્મચારીઓને નિર્વસ્ત્ર કરી માર મારવો અને તેના વીડિયો ઉતારી પાશવી આનંદ લેવો એ ચિરાગની વિકૃત માનસિકતા દર્શાવે છે. રાજકીય નેતાઓ સાથેના ફોટાના જોરે અત્યાર સુધી બચતો આ નરાધમ હવે પોલીસના સકંજામાં છે.**

# સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈએ આપ્યું અચાનક રાજીનામું

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત મહાનગરપાલિકામાં શાસકો અને વહીવટી પાંખ વચ્ચેના તાલેમેલમાં ક્યાંક મોટી ખામી હોય તેમ જણાય છે. ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈનું રાજીનામું એ માત્ર એક અધિકારીની વિદાય નથી, પણ સિસ્ટમ સામે ઉઠેલો સવાલ છે. જે અધિકારીએ પાલિકાના જટિલ વહીવટી માળખામાં સક્રિય ભૂમિકા ભજવી હોય, તે અચાનક ૧૫ વર્ષ વહેલી નિવૃત્તિ જાહેર કરે તે પાછળ ગંભીર કારણો છુપાયેલા હોઈ શકે છે.

સ્વાતિ દેસાઈએ જણાવ્યું છે કે તેઓ છેલ્લા છ મહિનાથી પરિવાર માટે આ અંગે વિચારી રહ્યા હતા. જોકે, જાણકારોના મતે પાલિકામાં અધિકારીઓ પર જે પ્રકારે રાજકીય દબાણ અને ટાર્ગેટ પૂરા કરવાની માનસિકતા લાદવામાં આવે છે, તેનાથી કંટાળીને આ નિર્ણય લેવાયો હોઈ શકે. ડેપ્યુટી કમિશનર સ્તરના અધિકારી જો સુરક્ષિત અનુભવતા ન હોય કે અંગત જીવન અને કામ વચ્ચે સંતુલન ન જાળવી શકતા હોય, તો તે સુરત મનપાની કાર્યપ્રણાલી પર મોટું પ્રશ્નાર્થ ચિહ્ન છે. આ રાજીનામા બાદ હવે અન્ય અધિકારીઓમાં પણ છૂપો ફફડાટ જોવા મળી રહ્યો છે. શું આ રાજીનામું સ્વીકારવામાં આવશે કે પછી સ્વાતિ દેસાઈ પરનું દબાણ ઓછું કરવા કોઈ મધ્યસ્થી થશે તે તો સમય જ બતાવશે, પરંતુ હાલમાં તો વહીવટી તંત્રની આબરૂના ધજાગરા ઉડ્યા છે.



**સુરત મનપાના વહીવટમાં કંઈક રંધાઈ રહ્યું હોય તેમ ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈએ પદત્યાગ કરતા ખળભળાટ મચી ગયો છે. જે અધિકારી સ્માર્ટ સિટી અને બજેટ જેવા સંવેદનશીલ પ્રોજેક્ટ્સ સંભાળતા હોય, તેઓ અચાનક બાળકોના ઉછેરનું કારણ ધરી મેદાન છોડી દે તે વાત ગળે ઉતરે તેવી નથી. ૧૫ વર્ષ જેટલી લાંબી કારકિર્દી સામે હોવા છતાં આ રીતે રાજીનામું આપવું એ વહીવટી તંત્રમાં ચાલતા આંતરિક ડખા અને માનસિક દબાણ તરફ ઈશારો કરી રહ્યું છે.**




# સુરત: મંદિરને મસ્જિદ બતાવી અશાંતધારામાં મિલકત ટ્રાન્સફર

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત શહેરમાં અશાંતધારાના કાયદાની અમલવારીમાં ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારનો મોટો મામલો સામે આવ્યો છે. આ વખતે આક્ષેપ કોઈ સામાન્ય નાગરિકે નહીં, પરંતુ શાસક પક્ષના ધારાસભ્ય અરવિંદ રાણાએ કર્યો છે. નવાપુરા વિસ્તારમાં મિલકત ટ્રાન્સફરની પરવાનગી આપતી વખતે વહીવટી તંત્રે જે 'ગોલમાલ' કરી છે તેનાથી લોકોમાં ભારે રોષ છે. ધારાસભ્યએ પર્દાફાશ કર્યો છે કે, જે મિલકત ટ્રાન્સફર કરવામાં આવી છે તેની બાજુમાં જગન્નાથ મહાદેવનું પ્રાચીન મંદિર હોવા છતાં, અધિકારીઓએ તેને મસ્જિદ બતાવીને મંજૂરી આપી દીધી છે. આ હકીકત સાબિત કરે છે કે અધિકારીઓએ સ્થળની મુલાકાત લીધા વગર જ ભ્રષ્ટાચારના જોરે ફાઈલો મંજૂર કરી છે.

અરવિંદ રાણાએ કલેક્ટર કચેરીને ચેતવણી આપતા કહ્યું કે, અગાઉ સુરક્ષાના કારણોસર જે મંજૂરીઓ રોકવામાં આવી હતી, તેને હવે કયા દબાણમાં આવીને ખુલ્લી મૂકવામાં આવી છે? નવાપુરા, રાણાવાડ અને ભાટની પીઠ જેવા વિસ્તારો જરી ઉદ્યોગના ગઢ ગણાય છે. અહીં જો વસ્તીવિષયક પરિવર્તન આવશે, તો સ્થાનિક લઘુ ઉદ્યોગ મૃતપ્રાય થઈ જશે. અગાઉ વોહરા સમાજ સાથે થયેલી સમજૂતીનો ભંગ કરીને આ ખરીદી કરવામાં આવી રહી છે. ધારાસભ્યએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, પડોશીઓના અભિપ્રાય વગર અને ખોટી રજૂઆતોના આધારે આપવામાં આવેલી મંજૂરીઓ શાસન અને કાયદાની ગરિમાને કલંકિત કરે છે.

કલેક્ટર અને પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી ધારાસભ્યએ માંગ કરી છે કે આ તમામ વિવાદાસ્પદ મંજૂરીઓ રદ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં આવે. જો વહીવટી તંત્ર પોતે જ કાયદાના ધજાગરા ઉડાડશે, તો સામાન્ય જનતા કોની પાસે ન્યાય માંગશે? ધારાસભ્યએ અલ્ટીમેટમ આપ્યું છે કે જો આગામી દિવસોમાં આ મામલે કોઈ નક્કર નિર્ણય નહીં લેવાય, તો સ્થાનિક રાણા સમાજ સાથે મળીને તેઓ રસ્તા પર ઉતરી ગાંધી ચિંધ્યા માર્ગે પ્રચંડ આંદોલન છેડશે. હવે દડો વહીવટી તંત્રના હાથમાં છે કે તેઓ ભ્રષ્ટાચાર સ્વીકારીને સુધારો કરે છે કે પછી જનઆંદોલનનો સામનો કરે છે.







# અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં રિયલ એસ્ટેટની ઓફિસમાં ભીષણ આગ લાગી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના પોશ ગણાતા બોડકદેવ વિસ્તારમાં 12 ફેબ્રુઆરી 2026 ના રોજ બપોરે 2:36 કલાકે એક કોમર્શિયલ બિલ્ડિંગમાં આગ લાગતા ફાયર બ્રિગેડ દ્વારા મોટું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ચોથા માળે આવેલી રિયલ એસ્ટેટની ઓફિસ નંબર 406 માં ફર્નિચર અને અન્ય સામાનમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ધુમાડો એટલી હદે વધી ગયો હતો કે ઉપરના માળે રહેલા લોકો ફસાઈ ગયા હતા.

ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત 72 કર્મચારીઓએ સ્થળ પર પહોંચીને તુરંત બચાવ કામગીરી શરૂ કરી હતી. સીડી અને વેન્ટિલેશન ટેકનિકનો ઉપયોગ કરીને અંદાજે 100 જેટલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આગને કારણે ઓફિસનું ફર્નિચર સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયું હતું. ફાયર ફાઈટરોએ ફોર્સ વેન્ટિલેશન દ્વારા ધુમાડો બહાર કાઢ્યો હતો અને એક કલાકની કામગીરી બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં નોંધપાત્ર બાબત એ રહી કે બિલ્ડિંગમાં લગાડવામાં આવેલી ફાયર સેફ્ટી સિસ્ટમ એક્ટિવ હાલતમાં હતી. જેના કારણે ફાયર વિભાગને પાણીના છંટકાવ અને આગને કાબૂમાં લેવામાં ખૂબ સરળતા રહી હતી. સમયસૂચકતા અને સજ્જતાને કારણે કોઈ મોટી જાનહાનિ થઈ નથી. હાલમાં શોર્ટ સર્કિટ અથવા અન્ય કયા કારણોસર આગ લાગી તે અંગે તપાસ ચાલુ




**અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં 12 ફેબ્રુઆરીએ બપોરે એક રિયલ એસ્ટેટ ઓફિસમાં આગ લાગી હતી. ફાયર વિભાગે ત્વરિત કામગીરી કરી 100 લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. બિલ્ડિંગની ફાયર સિસ્ટમ કાર્યરત હોવાથી મોટી જાનહાનિ ટળી છે અને આગ પર કાબૂ મેળવી લેવાયો છે.**

# શિહોર-સોનગઢ રોડ પર નશામાં ધૂત કાર ચાલકે સર્જ્યો અકસ્માત

**દૈનિક પલ્સ સમાચાર:** શિહોર અને સોનગઢને જોડતા મુખ્ય માર્ગ પર નશાખોર ચાલકની બેદરકારીને કારણે અકસ્માતની ઘટના બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એક કાર ચાલક નશાની હાલતમાં વાહન ચલાવી રહ્યો હતો, જેના કારણે તે કારની ગતિ અને દિશા પર નિયંત્રણ રાખી શક્યો નહોતો. અચાનક કાર સ્લિપ થઈને ડિવાઈડર સાથે અથડાતા રોડ પર પલટી ખાઈ ગઈ હતી. રોડ પર કાર પલટી મારી જતાં ટ્રાફિકની અવરજવર કરતા વાહનચાલકો અટકી ગયા હતા અને બચાવ કામગીરીમાં જોડાયા હતા. ઇજાગ્રસ્ત ચાલકને લોહીલુહાણ હાલતમાં કારમાંથી બહાર કાઢી તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ચાલકે નશો કર્યો હોવાનું બહાર આવ્યું છે. આ અકસ્માતમાં કારના કુરચેકુરચા ઉડી ગયા છે. વારંવાર તંત્ર દ્વારા નશો કરીને વાહન ન ચલાવવા માટે સૂચનાઓ અપાતી હોવા છતાં આવા ચાલકો પોતાની અને અન્ય લોકોની જિંદગી જોખમમાં મૂકે છે. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. હાલમાં ચાલકની હાલત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે અને ઘટના અંગે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.



**શિહોર-સોનગઢ હાઈવે પર નશામાં ધૂત એક કાર ચાલકે મોતનું તાંડવ ખેલ્યું છે. બેફામ ગતિએ આવતી કાર ડિવાઈડર સાથે અથડાઈને પલટી મારી ગઈ હતી. કારના કુરચેકુરચા ઉડી ગયા છે, જ્યારે નશાખોર ચાલકને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ભેગો કરવામાં આવ્યો છે.**

# ગુજરાતમાં શિક્ષકોને કૂતરા ગણવાની કામગીરી સોંપાતા શિક્ષણ જગતમાં આક્રોશ

## ગુજરાતમાં શિક્ષકોને હવે કૂતરા ગણવાનો આદેશ: શિક્ષણ જગતમાં રોષ



**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતનું શિક્ષણ જગત અત્યારે ભારે અચરજ અને રોષમાં છે. કારણ છે શિક્ષણ નિયામકનો તે વિચિત્ર પરિપત્ર, જેમાં રાજ્યના શિક્ષકોને હવે શાળાઓ અને તેની આસપાસ રખડતા કૂતરાઓની ગણતરી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. હજુ તો શિક્ષકો SIR (School Innovation Review) જેવી કામગીરીમાંથી માંડ મુક્ત થયા હતા, ત્યાં જ આ નવો શિરદર્દ સમાન આદેશ આવી પડ્યો છે. નાયબ શિક્ષણ નિયામકે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખીને જણાવ્યું છે કે સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર શૈક્ષણિક સંસ્થાઓમાં શ્વાનોની સંખ્યા અંગે સચોટ ડેટા રાખવો અનિવાર્ય છે. જોકે, આ આદેશથી રાજકીય ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, ગુજરાતમાં હજારો શાળાઓ શિક્ષકોના અભાવે ખાલી પડી છે ત્યારે ઉપલબ્ધ શિક્ષકોને શૌચાલય ગણવા, ભીડ ભેગી કરવી અને હવે કૂતરા ગણવા જેવી કામગીરી સોંપવી એ શરમજનક છે. શું ગુજરાતમાં સર્વે કરવા માટે અન્ય કોઈ સરકારી એજન્સીઓ નથી? બીજી તરફ શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ બચાવમાં ઉતરવું પડ્યું છે. તેમણે દાવો કર્યો છે કે આ નિર્ણય માત્ર વિદ્યાર્થીઓની સુરક્ષા માટે લેવાયો છે અને તેમાં રાજકીય રંગ જોવો યોગ્ય નથી. પરંતુ ઇતિહાસ સાક્ષી છે કે ગુજરાતમાં શિક્ષકોને શિક્ષણ સિવાયના અનેક વિવાદાસ્પદ કામો સોંપવામાં આવ્યા છે - પછી તે તીડ ભગાડવાનું હોય, સુજલામ-સુફલામમાં ખાડા ખોદવાનું હોય કે લગ્નોમાં ભોજનનો બગાડ તપાસવાનું હોય. શિક્ષકોને જ્યારે આવા બિનજરૂરી કામોમાં વ્યસ્ત રાખવામાં આવે છે, ત્યારે વર્ગખંડમાં શિક્ષણની ગુણવત્તા જોખમાય છે. 'દૈનિક પલ્સ સમાચાર' આ પરિપત્ર સામે ઉઠેલા સવાલોને વાચા આપે છે કે શું ખરેખર શિક્ષકનું કામ હવે કૂતરા ગણવાનું રહી ગયું છે? જો સરકાર આ પરિપત્ર રદ નહીં કરે, તો આવનારા દિવસોમાં શિક્ષણ ક્ષેત્રે મોટા આંદોલનના એંધાણ વર્તાઈ રહ્યા છે. શિક્ષણના નામે ચાલતી આ મજાક ક્યારે અટકશે?

**ગુજરાતમાં ભણતર હવે ગૌણ બની ગયું હોય તેમ લાગે છે. શિક્ષણ નિયામકે એક નવો ફતવો બહાર પાડી શિક્ષકોને શાળા અને આસપાસના વિસ્તારમાં રખડતા કૂતરા ગણવાની જવાબદારી સોંપી છે. અગાઉ શૌચાલય ગણવા અને તીડ ભગાડવા જેવી કામગીરી બાદ હવે આ 'કૂતરા ગણતરી' થી શિક્ષકો મજાકનું પાત્ર બની રહ્યા છે. કોંગ્રેસે આ પરિપત્રને તઘલખી નિર્ણય ગણાવી રદ કરવાની માંગ કરી છે. જ્યારે હજારો શાળાઓ એક જ શિક્ષકથી ચાલે છે, ત્યારે આવા કામોથી શિક્ષણના ધજાગરા ઉડશે તે નક્કી છે.**

# ભાવનગરમાં એસઓજીએ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા શહેરના યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા માટે 'નો ડ્રગ્સ ઇન ભાવનગર' ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત 11 ફેબ્રુઆરીના રોજ એસઓજીની ટીમે બાતમીના આધારે શહેરના મધ્યમાં આવેલી દાંતિયાવાળી શેરી પાસે કાર્યવાહી કરી હતી. અહીંથી યાસીન અબ્દુલરહેમાનભાઈ પઠાણ (ઉં.વ. 55) નામના શખ્સને શંકાસ્પદ હાલતમાં અટકાવવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી 449 ગ્રામ સૂકો ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત ₹2,450 આંકવામાં આવી છે. આ ઉપરાંત પોલીસે ₹2,000ની કિંમતનો મોબાઈલ અને ₹50,000ની કિંમતનું સ્કૂટર મળી કુલ ₹54,450નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી અગાઉ પાલીતાણા ટાઉન અને ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાઓમાં સામેલ રહી ચૂક્યો છે. વર્ષ 2021માં તેની અટકાયત પણ કરવામાં આવી હતી. એસઓજીની આ ટીમમાં એએસઆઈ જયરાજસિંહ જાડેજા, વિજયસિંહ ગોહિલ અને મહાવીરસિંહ ગોહિલ સહિતના સ્ટાફે પ્રશંસનીય કામગીરી કરી છે. હાલમાં ગંગાજળિયા પોલીસ સ્ટેશનમાં એક્સાઇઝ અને એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**જોરાવરનગર સ્થિત ગાંધી પરિવારના કુળદેવી શ્રી હોલ માતા મંદિરે ૧૦માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની શાનદાર ઉજવણી કરાઈ હતી. શ્રી હોલમાં સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત મહાપ્રસાદમાં ૧૦,૦૦૦થી વધુ ભાવિકો જોડાયા હતા. આ પ્રસંગે સમાજ અગ્રણીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું.**





# અમદાવાદમાં એક જ રાતે બે યુવાનોએ કરી હત્યા

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ગંભીર વળાંક પર પહોંચી ગઈ છે. ગઈકાલે રાત્રે મણિનગર અને વટવા પોલીસ સ્ટેશનની હદમાં બે લોહિયાળ હત્યાકાંડ સર્જાયા છે, જેનાથી સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચી ગયો છે. પ્રથમ કિસ્સો કાંકરિયા લેકફ્રન્ટના ગેટ નંબર 7 પાસે બન્યો હતો. ગોમતીપુરની 17 વર્ષની સગીરાની સગાઈ આવેઝ પઠાણ સાથે થઈ હતી, પરંતુ આવેઝના શંકાસ્પદ સ્વભાવને કારણે બે દિવસ પહેલા જ સગાઈ તોડી નખાઈ હતી. આ અદાવતમાં આવેઝ સગીરાને પથ્થર મારીને હત્યા કરી દીધી. પિતાના જણાવ્યા અનુસાર, આરોપીએ હત્યા બાદ ફોન કરીને પિતાને પડકાર ફેંક્યો હતો. દીકરીનો ચહેરો પણ ઓળખાય નહીં તેવી રીતે છૂંદી નાખીને આવેઝે સાબિત કર્યું કે તેનામાં માનવતા મરી પરવારી છે. મણિનગર પોલીસે ભલે આરોપીને પકડ્યો હોય, પરંતુ જાહેર સ્થળ પર આવી રીતે હત્યા થવી એ પોલીસની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાડે છે.

બીજી ઘટના વટવા વિસ્તારમાં બની છે. વટવા વસંત ગજેન્દ્ર ગડકરનગરના મોહમદ સમીર અંસારીના ભાઈ શકીલની આસીફ શેખ નામના શખ્સે હત્યા કરી નાખી. આસીફ અને શકીલ વચ્ચે જૂની અદાવત ચાલી રહી હતી. રાત્રિના સમયે બંને વાતો કરવા બેઠા હતા ત્યારે જ આસીફે હુમલો કરી શકીલને લોહીલુહાણ કરી નાખ્યો. શકીલની માતા જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે પુત્રની લાશ જોઈ હૈયાફાટ રુદન કરી રહી હતી. વટવા પોલીસે આસીફ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે, પરંતુ શહેરમાં વધી રહેલી આ હિંસાએ સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ પેદા કર્યો છે.

આ બંને બનાવોમાં સામાન્ય વાત એ છે કે ગુનેગારોને કાયદાનો કોઈ ભય રહ્યો નથી. કાંકરિયા જેવું વ્યસ્ત પ્રવાસન સ્થળ હોય કે વટવાનો રહેણાંક વિસ્તાર, હત્યારાઓ ખુલ્લેઆમ મોતનો ખેલ ખેલી રહ્યા છે. શું પોલીસ માત્ર લાશ ઉપાડવાનું અને પંચનામા કરવાનું જ કામ કરશે? પ્રિવેન્ટિવ એક્શન અને પેટ્રોલિંગના નામે માત્ર આંકડાબાજી પીરસતી અમદાવાદ પોલીસ હવે ક્યારે જાગશે તે મોટો પ્રશ્ન છે. 'દૈનિક પલ્સ સમાચાર' આ ઘટનાઓની કડક શબ્દોમાં નિંદા કરે છે અને પીડિત પરિવારોને ન્યાય મળે તેવી માંગ કરે છે.






# પાળિયાદમાં પૂજ્ય નિર્મળાબાની અધ્યક્ષતામાં ઝોન કક્ષાનો શૈક્ષણિક ફેસ્ટિવલ સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** પૂજ્ય વિસામણબાપુની પવિત્ર ભૂમિ પાળિયાદમાં શૈક્ષણિક સંશોધનોનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ડાયટ બોટાદ દ્વારા આયોજિત સૌરાષ્ટ્ર ઝોન-1 નો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ત્રણ દિવસની સફળતા બાદ સંપન્ન થયો છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન પૂજ્ય મહામંડલેશ્વર નિર્મળાબા ઊનડબાપુના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય ભયલુબાપુએ મહેમાનોનું ભાવભીનું સ્વાગત કરી પાંચાળની સંસ્કૃતિ અને મહેમાનગતિનો પરિચય કરાવ્યો હતો. આ ફેસ્ટિવલમાં કુલ 6 જિલ્લાના 28 તેજસ્વી શિક્ષકોએ પોતાના વર્ગખંડના નવતર પ્રયોગો રજૂ કર્યા હતા. શિક્ષકો દ્વારા બનાવાયેલા એકથી એક ચડિયાતા શૈક્ષણિક મોડલ્સ અને વિચારોની પૂજ્ય બાએ વ્યક્તિગત મુલાકાત લઈ આશીર્વાદ પાઠવ્યા હતા. શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા મહાનુભાવો જેવા કે પ્રાચાર્ય દીપકભાઈ ચૌહાણ અને DEO ભરતસિંહ વઢેરે શિક્ષકોની આ કામગીરીને બિરદાવી હતી. વિહળ ઇન્ટરનેશનલ વિદ્યાપીઠ અને અન્ય સરકારી શાળાઓના વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનનો લાભ લઈ નવું જ્ઞાન મેળવ્યું હતું. ટીમ બોટાદ દ્વારા કરવામાં આવેલા સચોટ આયોજન, પ્રવીણભાઈ ખાચરનું સ્ટેજ સંચાલન અને સ્વયંસેવકોની મહેનતે આ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. પાળિયાદ જગ્યાની સ્વચ્છતા, શિસ્ત અને ત્રણેય ટાઈમની પ્રસાદીની વ્યવસ્થાએ મુલાકાતીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ફેસ્ટિવલ શિક્ષણ જગતમાં નવા ઉર્જાનો સંચાર કરવામાં સફળ રહ્યો છે.

**રિપોર્ટર : મનસુખ વાળા**



**બોટાદના પાળિયાદ વિહળધામ ખાતે ત્રણ દિવસીય ઝોન કક્ષાનો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ સંપન્ન થયો છે. પૂજ્ય નિર્મળાબાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં 6 જિલ્લાના 28 શ્રેષ્ઠ શિક્ષકોએ પોતાના શૈક્ષણિક નવતર પ્રયોગો રજૂ કર્યા હતા, જેનું વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર અવલોકન કર્યું હતું.**

# રાજકોટમાં ૩૪ ડિગ્રી ગરમી અને દીવમાં ૧૪ ડિગ્રી સાથે કાતિલ ઠંડી નોંધાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં હાલ ડબલ ઋતુની અસર પ્રબળ બની છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં વહેલી સવારે ઠંડા પવનો ફૂંકાતા ઠંડક અનુભવાય છે, પરંતુ બપોરે તાપમાનમાં ઉછાળો જોવા મળે છે. ગઇકાલે રાજકોટ શહેર 34.1 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું હતું. તેની સરખામણીએ અન્ય શહેરોમાં તાપમાન 30 થી 32 ડિગ્રીની આસપાસ રહ્યું હતું.

લઘુતમ તાપમાનની વિગતો મુજબ, આજે સવારે સૌથી વધુ ઠંડી દીવમાં નોંધાઈ હતી, જ્યાં પારો 14.6 ડિગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો. રાજકોટમાં 15.4 ડિગ્રી, પોરબંદરમાં 16.9 અને નલિયામાં 16.1 ડિગ્રી ઠંડી નોંધાઈ છે. આ ઉપરાંત અમદાવાદ, વડોદરા અને ગાંધીનગરમાં પણ પારો 17 થી 19 ડિગ્રીની વચ્ચે રહ્યો છે. જામનગરની વાત કરીએ તો ત્યાં મિશ્ર ઋતુ વચ્ચે તાપમાનમાં વધારા-ઘટાડાનો દોર ચાલુ છે. જામનગરમાં લઘુતમ તાપમાન 17 ડિગ્રી અને મહત્તમ 30.5 ડિગ્રી નોંધાયું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ 82 ટકા જેટલું ઊંચું રહેતા સવારે ઝાકળ અને ઠંડકનો અનુભવ થાય છે. પવનની ગતિમાં પણ સામાન્ય વધારો થયો છે. દિવસભર ગરમી અને રાત્રે ઠંડીને કારણે લોકોના સ્વાસ્થ્ય પર પણ અસર પડી રહી છે, ખાસ કરીને વાયરલ ઇન્ફેક્શનના કિસ્સાઓ વધવાની શક્યતા છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**સૌરાષ્ટ્ર-કચ્છમાં સવારે 10 થી 12 કિમીની ઝડપે ફૂંકાયેલા ઠંડા પવનોએ ગુલાબી ઠંડીનો અહેસાસ કરાવ્યો છે. જોકે, બપોરના સમયે રાજકોટમાં તાપમાન 34.1 ડિગ્રી નોંધાતા તે રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું. બીજી તરફ, લઘુતમ તાપમાનમાં દીવ 14.6 ડિગ્રી સાથે સૌથી ઠંડું રહ્યું છે. જામનગરમાં 17 ડિગ્રી લઘુતમ તાપમાન સાથે મિશ્ર વાતાવરણ જોવા મળ્યું છે. હવામાં ભેજનું પ્રમાણ 82 ટકા રહેતા સવારે ઠંડક અને બપોરે અકળામણ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે, જેનાથી લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.**

# ઈડરમાં કલેક્ટરના આદેશને ઘોળીને પી જતા ખનન માફિયાઓ અને ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગતનો પર્દાફાશ

## ઇડર તાલુકામાં કલેક્ટરના આદેશ છતાં ખનન માફિયાઓ ખુલ્લેઆમ બેફામ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકામાં ખનન માફિયાઓ અને ભ્રષ્ટ સરકારી બાબુઓ વચ્ચેના મજબૂત ગઠબંધને સરકારની તિજોરીને કરોડોનો ચૂનો લગાવ્યો છે. જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સાદુ દ્વારા ગેરકાયદે ખનન સામે કડક કાર્યવાહીના આદેશો આપવામાં આવ્યા હોવા છતાં, ઇડરમાં ખનન માફિયાઓ કલેક્ટરના આદેશને ઘોળીને પી ગયા હોય તેવું વર્તન કરી રહ્યા છે.

ઇડર શહેરની આન, બાન અને શાન ગણાતા ઐતિહાસિક ઇડર ગઢની પાછળના ભાગે રાત્રિના સમયે જેસીબી મશીનો વડે માટીનું ખોદકામ કરવામાં આવે છે. આ ચોરીમાં વન વિભાગના લીલા વૃક્ષોનું પણ નિકંદન કાઢવામાં આવી રહ્યું છે, છતાં વન વિભાગ અને ખાણ ખનીજ વિભાગ મોં મચકોડીને બેસી રહ્યા છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે રાતભર ડમ્પરોની ગર્જનાથી તેમની ઊંઘ હરામ થઈ ગઈ છે, પરંતુ રજૂઆતો છતાં કોઈ જ સાંભળનાર નથી. બીજો કિસ્સો દાવડ થી સપ્તેશ્વર રોડનો છે, જ્યાં રેતી માફિયાઓએ આતંક મચાવ્યો છે. ગેરકાયદે રેતી ખનન કરીને દોડતા ભારેખમ ડમ્પરોને કારણે અકસ્માતનો ખતરો સતત મંડરાતો રહે છે. આ મામલે સપ્તેશ્વર આરસોડીયા ગ્રામ પંચાયતના સરપંચે કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે અને મામલતદાર પૂજા જોષીએ પણ ખાણ ખનીજ વિભાગને પત્ર લખીને આ બાબતે ગંભીરતાથી નોંધ લેવા જણાવ્યું છે. પરંતુ, વાસ્તવિકતા એ છે કે ખનીજ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ હપ્તાની રકમમાં પોતાનો હિસ્સો મેળવીને "મેરી ભી ચૂપ અને તેરી ભી ચૂપ" ના મોડમાં આવી ગયા છે. આ લૂંટ માત્ર કુદરતી સંપત્તિની જ નથી, પરંતુ જનતાના ભરોસાની પણ છે. જ્યારે કલેક્ટર જેવા ઉચ્ચ અધિકારીના આદેશનું ઉલ્લંઘન ખુલ્લેઆમ થતું હોય, ત્યારે પ્રશાસનની ધાક ક્યાં ગઈ તે મોટો સવાલ છે. ઇડરની જનતા હવે ત્રાહિમામ પોકારી ઉઠી છે અને રાજ્ય સરકાર પાસે માંગ કરી રહી છે કે તાત્કાલિક અસરથી તપાસ સમિતિ નિમીને આ માફિયાઓના લાયસન્સ રદ કરવામાં આવે અને સંડોવાયેલા અધિકારીઓ સામે કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવે. શું રાજ્ય સરકાર આ ઉઘાડી લૂંટ અટકાવશે કે પછી ભ્રષ્ટાચારનો આ ખેલ આમ જ ચાલતો રહેશે? દૈનિક પલ્સ સમાચાર આ મામલે છેક સુધી નજર રાખશે. **રિપોર્ટ : જનક જાદવ**



**ઇડર તાલુકામાં કલેક્ટર લલિત નારાયણ સાદુના આદેશના ધજાગરા ઉડી રહ્યા છે. ખાણ ખનીજ વિભાગની હપ્તાખોરી અને મિલીભગતના કારણે ખનન માફિયાઓ કરોડોની લૂંટ ચલાવી રહ્યા છે, છતાં ભ્રષ્ટ અધિકારીઓ મોં પર આંગળી રાખીને બેસી રહ્યા છે.**

# હિંમતનગર સાયન્સ કોલેજની વિદ્યાર્થીની રાજ્ય સ્તરીય સ્પર્ધામાં પ્રથમ ક્રમે

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સ્થિત કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તેઓ રાજ્ય સ્તરે કોઈપણ પડકાર ઝીલવા સક્ષમ છે. વલ્લભ વિદ્યાનગરની વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ ખાતે યોજાયેલ રાજ્ય સ્તરીય આંતર મહાવિદ્યાલય સ્પર્ધામાં હિંમતનગરની ખુશી પંચાલે ઝળહળતી સફળતા મેળવી છે. ઇનોવેટિવ આઈડિયા પ્રેઝન્ટેશન કેટેગરીમાં ખુશી પંચાલે પ્રથમ ક્રમ (1st Rank) મેળવીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. ખુશી પંચાલે ડો. એસ. પી. વ્યાસના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન ક્ષેત્રે ખૂબ જ મહત્વના ગણાતા 'કોરોઝન ઇન્હિબિટર' પ્રોજેક્ટ પર પોતાનું પ્રેઝન્ટેશન તૈયાર કર્યું હતું. તેની મૌલિકતા અને વૈજ્ઞાનિક અભિગમને નિર્ણાયકોએ બિરદાવ્યો હતો. આ તેજસ્વી વિદ્યાર્થીનીની સિદ્ધિની નોંધ લેતા હિંમતનગર કેળવણી મંડળના પ્રમુખ, મંત્રીશ્રીઓ અને આચાર્ય ડો. પંકજ પટેલે તેને અભિનંદન પાઠવ્યા હતા અને તેનો આભાર વ્યક્ત કર્યો હતો. હિંમતનગર સાયન્સ કોલેજ હંમેશા વિદ્યાર્થીઓને સંશોધન અને ઇનોવેશન માટે પ્રોત્સાહિત કરતી રહી છે, જેનું પરિણામ આજે રાજ્ય સ્તરે જોવા મળ્યું છે. આ જીત માત્ર એક વિદ્યાર્થીનીની નથી પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાતના શૈક્ષણિક સ્તરની પ્રગતિનું પ્રતીક છે.





**હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત સાયન્સ કોલેજની વિદ્યાર્થીની ખુશી પંચાલે વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયેલ રાજ્ય સ્તરીય આંતર મહાવિદ્યાલય સ્પર્ધામાં 'ઇનોવેટિવ આઈડિયા પ્રેઝન્ટેશન' કેટેગરીમાં પ્રથમ ક્રમ મેળવી કોલેજ અને સાબરકાંઠા જિલ્લાનું નામ રોશન કર્યું છે. રિપોર્ટ : જનક જાદવ**




# ખાનગીકરણ સામે વીજ કર્મચારીઓ મેદાને: ઉગ્ર સૂત્રોચ્ચાર

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વીજ તંત્રના કર્મચારીઓએ સરકારની ઉદાસીનતા અને ખાનગીકરણના વળગણ સામે બળવો પોકાર્યો છે. વીજ કંપનીના નાનામાં નાના કર્મચારીથી લઈને ઉચ્ચ અધિકારીઓ સુધી સૌ કોઈ આજે રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનનું મુખ્ય કેન્દ્ર વીજળી સુધારા બિલ 2025 અને પ્રસ્તાવિત રાષ્ટ્રીય વીજળી નીતિ 2026 છે, જેને કર્મચારીઓ 'ડેથ વોરંટ' ગણાવી રહ્યા છે.

ઓલ ઇન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન અને અન્ય યુનિયનોની સંકલન સમિતિ દ્વારા આપવામાં આવેલા એલાનને પગલે બંને જિલ્લાની મુખ્ય વીજ કચેરીઓ ગૂંજી ઉઠી હતી. આંદોલનકારીઓએ આક્ષેપ કર્યો છે કે સરકાર જાણીજોઈને જાહેર સાહસોને નબળા પાડી રહી છે જેથી ખાનગી કંપનીઓને મોકળું મેદાન મળી શકે. તેમની માંગણી છે કે આઉટસોર્સિંગ પર તુરંત પ્રતિબંધ મૂકવામાં આવે અને ખાલી પડેલી નિયમિત જગ્યાઓ પર પારદર્શક સીધી ભરતી કરવામાં આવે. જે કર્મચારીઓ વર્ષોથી આઉટસોર્સિંગમાં કામ કરે છે તેમને નિયમિત કરવા માટે કોઈ નક્કર નીતિ કેમ નથી? તેવો વેધક સવાલ પણ પૂછવામાં આવ્યો છે. જૂની પેન્શન યોજના એ કર્મચારીઓના અસ્તિત્વનો સવાલ છે અને તેને ફરી લાગુ કરવા માટે પણ ઉગ્ર રજૂઆત કરાઈ છે. આંદોલનકારીઓએ ચેતવણી આપી છે કે જો સરકાર આ લોકવિરોધી બિલ અને નીતિઓ તાત્કાલિક પાછી નહીં ખેંચે તો ઉગ્ર આંદોલન છેડવામાં આવશે, જેની જવાબદારી સંપૂર્ણપણે સરકારની રહેશે. ખાનગીકરણ ગરીબ ગ્રાહકો, ખેડૂતો અને નાના સાહસો માટે જોખમરૂપ છે તેવા પોસ્ટરો સાથે કર્મચારીઓએ જનતાનું સમર્થન પણ માંગ્યું છે. દૈનિક પલ્સ સમાચાર સરકારને સવાલ પૂછે છે કે જ્યારે રાજ્યની કરોડરજ્જુ સમાન વીજ કર્મચારીઓ જ અસંતુષ્ટ હોય, ત્યારે 'વિકાસ' ના દાવાઓ કેટલા સાચા? આ લડત હવે માત્ર કર્મચારીઓની નથી રહી, પરંતુ ખાનગીકરણના રાક્ષસ સામે સામાન્ય માણસના હિતોની લડત બની ગઈ છે. **રિપોર્ટ : જનક જાદવ**






# ઈડરના દેશોતર ચાર રસ્તા પાસેથી વિસ્ફોટક સામગ્રી સાથે યુવક ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થાને લઈ એસઓજીની ટીમ સતર્ક છે, ત્યારે ઇડર તાલુકાના દેશોતર ચાર રસ્તા પાસેથી વિસ્ફોટક જથ્થા સાથે એક શખ્સને ઝડપી લેવામાં સફળતા મળી છે. એટીએસ ચાર્ટરની કામગીરી અંતર્ગત જાદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એસઓજીના જવાનોને ચોક્કસ બાતમી મળી હતી કે એક યુવક પોતાની મોટરસાયકલ (GJ 09 DJ 7634) પર પ્રતિબંધિત વિસ્ફોટક સામગ્રી લઈ પસાર થવાનો છે. બાતમી મુજબ દેશોતર ચાર રસ્તે વોચ ગોઠવીને તપાસ કરતા હિતેશ પ્રતાપજી ઠાકરડા (ઉં.વ. 22, રહે. રાઓલ) ઝડપાઈ ગયો હતો. તેની પાસે રહેલા થેલામાંથી 25 કિલો નાઈટ્રેટ મિક્ચરનો જથ્થો તેમજ બ્લાસ્ટિંગ માટે વપરાતા ડિટોનેટર અને વાયર મળી આવ્યા હતા. રાજ્યમાં વિસ્ફોટક પદાર્થોનું લાયસન્સ વગર વેચાણ કે હેરફેર કરવી ગુનો છે, છતાં આ યુવક જોખમી રીતે આ સામગ્રી લઈ જતો હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી આરોપીની અટકાયત કરી છે. જાદર પોલીસે એક્સપ્લોઝિવ એક્ટ 1984ની કલમ 9(બી) અને 1(બી) મુજબ કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે એસઓજી પીઆઈ ડી.સી. પરમારના માર્ગદર્શન હેઠળ ટીમ એ તપાસ શરૂ કરી છે કે આ વિસ્ફોટકોનો ઉપયોગ ખાણકામ માટે થવાનો હતો કે અન્ય કોઈ અસામાજિક પ્રવૃત્તિ માટે. **રિપોર્ટ : જનક જાદવ**




**સાબરકાંઠાના ઇડર તાલુકાના દેશોતર ચાર રસ્તા પાસેથી એસઓજીની ટીમે 25 કિલો વિસ્ફોટક સામગ્રી સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી ડિટોનેટર, વાયર અને નાઈટ્રેટ મિક્ચર સહિત કુલ રૂ. 53,592નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની તપાસ શરૂ કરવામાં આવી છે.**

# સાબરકાંઠામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાનો થયો પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાઓનો સાબરકાંઠા જિલ્લામાં સફળતાપૂર્વક પ્રારંભ થયો છે. ગુરુવારના રોજ જિલ્લાના 6 મુખ્ય પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓની પ્રાયોગિક કુશળતા ચકાસવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમિયાન બે સેશનમાં આયોજિત આ પરીક્ષામાં કુલ 616 વિદ્યાર્થીઓએ પોતાની હાજરી નોંધાવી હતી.

હિંમતનગર શહેર અને જિલ્લાના અન્ય કેન્દ્રો પરથી મળતી માહિતી મુજબ, રસાયણ વિજ્ઞાન (Chemistry) માં કુલ 218 વિદ્યાર્થીઓમાંથી 217 વિદ્યાર્થીઓએ પ્રયોગો કર્યા હતા, જ્યારે એક વિદ્યાર્થી ગેરહાજર રહ્યો હતો. તેવી જ રીતે ભૌતિક વિજ્ઞાન (Physics) ની પરીક્ષામાં કુલ 240 વિદ્યાર્થીઓમાંથી 239 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જીવ વિજ્ઞાન (Biology) ના વિષયમાં વિદ્યાર્થીઓમાં સો ટકા હાજરી જોવા મળી હતી, જ્યાં નોંધાયેલા તમામ 160 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ પરીક્ષા કેન્દ્રો પર લેબોરેટરી અને અન્ય જરૂરી સાધનોની સજ્જતા અગાઉથી જ ચકાસી લેવામાં આવી હતી. પ્રાયોગિક પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓમાં મિશ્ર ઉત્સાહ અને થોડો ફફડાટ જોવા મળ્યો હતો, પરંતુ સુચારુ આયોજનને કારણે પરીક્ષા પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. ગેરહાજર રહેલા 2 વિદ્યાર્થીઓ સિવાય તમામ વિદ્યાર્થીઓએ સમયસર કેન્દ્ર પર પહોંચી પરીક્ષા આપી હતી.



**સાબરકાંઠા જિલ્લામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાનો ગુરુવારથી પ્રારંભ થયો છે. જિલ્લાના 6 પરીક્ષા કેન્દ્રો પર બે સેશનમાં યોજાયેલી આ પરીક્ષામાં કુલ 616 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે માત્ર 2 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. રિપોર્ટ : જનક જાદવ**

# વડાલીની ગર્લ્સ હાઇસ્કૂલમાં ઈનામ વિતરણ અને વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો

## વડાલી: ગર્લ્સ હાઇસ્કૂલમાં દીકરીઓનો વિદાય શુભેચ્છા સમારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલીની પ્રતિષ્ઠિત શેઠ પી. કે. શાહ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વાર્ષિક ઇનામ વિતરણ અને ધોરણ 10 તથા 12ની વિદ્યાર્થીનીઓનો વિદાય શુભેચ્છા સમારંભ અત્યંત ભાવુક અને પ્રેરણાદાયી વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ સમારોહના અધ્યક્ષ તરીકે વડાલી કેળવણી મંડળના પ્રમુખ તખતસિંહજી હડિયોલ સાહેબ અને ઉદ્ઘાટક તરીકે ગોપાલસિંહ રાઠોડ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. અન્ય મહાનુભાવોમાં અમૃતભાઈ દેસાઈ, અજમતખાન, ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ, વાલી મંડળના કલ્પેશભાઈ પટેલ તેમજ અનેક સામાજિક અગ્રણીઓએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

કાર્યક્રમનો પ્રારંભ શાળાની દીકરીઓએ સુંદર પ્રાર્થના અને મધુર સ્વાગત ગીતથી કર્યો હતો. શાળાના આચાર્યા દક્ષાબેન પટેલે તમામ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માન કરી શાળાનો અહેવાલ રજૂ કર્યો હતો. વિદાય પ્રસંગે ધોરણ 10ની વિદ્યાર્થીની પટેલ દ્રષ્ટિ અને ધોરણ 12ની વિદ્યાર્થીની પટેલ જીયાએ પોતાના વક્તવ્યમાં શાળાના શિક્ષકો અને વાતાવરણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, જેનાથી વાતાવરણ ભાવુક બની ગયું હતું. શિક્ષિકા અમિતાબેન પટેલે દીકરીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે શાળામાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓ જેવી કે શૈક્ષણિક સ્પર્ધા, સાંસ્કૃતિક કલા મહાકુંભ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અને ખેલ મહાકુંભના વિજેતાઓને દાતા કાંતિભાઈ પટેલ અને અન્ય મહેમાનો દ્વારા ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉદ્ઘાટક ગોપાલસિંહ રાઠોડે દીકરીઓને શિક્ષણમાં કોઈ અડચણ ન આવે તે હેતુથી 70%થી વધુ ગુણ મેળવનારને આર્થિક સહાય અને આગામી વર્ષ માટે ચોપડાનું દાન જાહેર કર્યું હતું.

સમારંભના અધ્યક્ષ તખતસિંહજી હડિયોલે દીકરીઓને સંબોધતા જણાવ્યું હતું કે શિક્ષણ એ પ્રગતિની ચાવી છે અને આગામી બોર્ડની પરીક્ષામાં દીકરીઓ શાળાનું નામ રોશન કરે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સિનિયર શિક્ષક આર.બી. શાહ દ્વારા ખૂબ જ સુંદર શૈલીમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શિક્ષિકા ભૂમિબેન ચૌધરીએ આભાર વિધિ કરી હતી. આ સમારોહમાં મોટી સંખ્યામાં વાલીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા, જે દીકરીઓના શિક્ષણ પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



**વડાલીમાં શેઠ પી. કે. શાહ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવા ઇનામ વિતરણ અને ધોરણ 10-12ની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમમાં તખતસિંહજી હડિયોલ, ગોપાલસિંહ રાઠોડ અને અમૃતભાઈ દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળાની દીકરીઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યા હતા. આચાર્યા દક્ષાબેન પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વિવિધ સ્પર્ધાઓ અને ખેલ મહાકુંભના વિજેતાઓને ઇનામો અપાયા હતા. મહેમાનોએ દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહિત કરી બોર્ડની પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવી હતી.**

# વડાલી સિવિલ હોસ્પિટલનો લાખોના ખર્ચે બનેલો ઓક્સિજન પ્લાન્ટ બંધ હાલતમાં

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાની વડાલી સિવિલ હોસ્પિટલનો ઓક્સિજન પ્લાન્ટ એક વર્ષથી બંધ હાલતમાં હોવાથી આરોગ્ય વિભાગની કામગીરી પર સવાલો ઉભા થયા છે. કોરોનાની બીજી લહેર વખતે જ્યારે ઓક્સિજનની ભારે અછત સર્જાઈ હતી, ત્યારે ભવિષ્યમાં આવી કટોકટી ન આવે તે હેતુથી લાખોના ખર્ચે આ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો હતો. આ પ્લાન્ટ દર મિનિટે ૨૫૦ લિટર ઓક્સિજન ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. કમનસીબે, જાળવણીના અભાવે આ પ્લાન્ટ ભંગાર હાલતમાં ફેરવાઈ રહ્યો છે. એક વર્ષ વીતી ગયું હોવા છતાં માત્ર કાગળ પરની પ્રક્રિયા જ ચાલતી હોય તેમ જણાય છે. હોસ્પિટલના વહીવટી અધિકારીએ સ્વીકાર્યું છે કે પ્લાન્ટ બંધ છે અને તેઓ હાલમાં ઈમરજન્સી દર્દીઓ માટે મેન્યુઅલ ઓક્સિજન સિલિન્ડરનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ, જો એકસાથે વધુ દર્દીઓ આવે અથવા કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો આ સિલિન્ડર કેટલા અંશે કારગત નીવડશે તે મોટો પ્રશ્ન છે. લાખોના ખર્ચે બનેલા પ્લાન્ટનો લાભ દર્દીઓને નથી મળી રહ્યો, જે વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સૂચવે છે. સ્થાનિકોની માંગ છે કે ઉચ્ચ આરોગ્ય વિભાગ આ મામલે તાત્કાલિક દખલગીરી કરે અને પ્લાન્ટને યુદ્ધના ધોરણે ચાલુ કરાવે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**










# વડોદરા પોલીસમાં મોટો ફેરફાર: 9 PI અને 11 જવાનોની બદલી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર પોલીસના માળખામાં મોટા પાયે આંતરિક બદલીઓના દોરથી પોલીસ વિભાગમાં ભારે હલચલ મચી ગઈ છે. શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા વહીવટી સુધારણાના ભાગરૂપે 9 પોલીસ ઇન્સ્પેક્ટરોની બદલીના હુકમ કરવામાં આવ્યા છે. આ તમામ અધિકારીઓને શહેરના વિવિધ પોલીસ સ્ટેશનો અને ખાસ એકમોમાં નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. પોલીસ વિભાગમાં સમયાંતરે થતી આ પ્રક્રિયા આ વખતે ઘણી સૂચક માનવામાં આવી રહી છે.

PI સ્તરના અધિકારીઓ ઉપરાંત, કમિશનરે અતિ સંવેદનશીલ અને મહત્વની ગણાતી પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (PCB) અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) માં પણ મોટું ઓપરેશન પાર પાડ્યું છે. આ બંને શાખાઓમાંથી 11 જેટલા કર્મચારીઓ, જેમાં હેડ કોન્સ્ટેબલ, એએસઆઈ અને કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે, તેમની તાત્કાલિક અસરથી આંતરિક બદલી કરી દેવામાં આવી છે. આ કર્મચારીઓને SOG અને PCB માંથી ખસેડીને શહેરના અન્ય પોલીસ સ્ટેશનોમાં ફરજ પર મૂકવામાં આવ્યા છે.

આ બદલીઓ પાછળ તાજેતરમાં બનેલી એક ઘટના મુખ્ય હોવાનું મનાય છે, જેમાં એસઓજીનો એક એએસઆઈ કક્ષાનો કર્મચારી ડ્રગ્સના કેસમાં ઝડપાયો હતો. આ ઘટનાએ પોલીસ વિભાગની શિસ્ત પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું હતું. જેના પગલે અગાઉ પીઆઈ એસ.ડી. રાતડાની બદલી કરાઈ હતી અને હવે વ્યાપક ફેરબદલ કરીને વહીવટી તંત્રને શિસ્તબદ્ધ કરવાનો પ્રયાસ કરાયો છે. લાંબા સમયથી એક જ બ્રાન્ચમાં પગદંડો જમાવીને બેઠેલા કર્મચારીઓને હટાવવાના કમિશનરના આ નિર્ણયથી કેટલાકમાં નારાજગી જોવા મળી રહી છે, તો બીજી તરફ પ્રમાણિક અધિકારીઓએ આ નિર્ણયને આવકાર્યો છે. આગામી સમયમાં શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બને તે હેતુથી આ મોટા પાયે ફેરફાર કરવામાં આવ્યા છે.










# જય પાટીલ આપઘાત કેસમાં આરોપીઓની ધરપકડ ન થતા પ્રચંડ વિરોધ

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદના ચકચારી જય પાટીલ આપઘાત કેસમાં ન્યાયની પ્રક્રિયા મંથર ગતિએ ચાલતી હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. દિનશા પટેલ કોલેજ ઓફ નર્સિંગના તેજસ્વી વિદ્યાર્થીને મરવા મજબૂર કરનાર આરોપીઓ સામે પોલીસ લાલ આંખ કેમ નથી કરી રહી? પ્રિન્સિપાલ સહિત ધારા મેડમ, પ્રકૃતિ મેડમ, શહેરીન મેડમ અને સ્મિત નામના ઇસમ સામે નામજોગ ફરિયાદ હોવા છતાં તેઓની ધરપકડ કરવામાં આવતી નથી, જે પોલીસની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન ઉભું કરે છે. પોલીસની આ નિષ્ક્રિયતા અને આરોપીઓને મળતા કથિત સંરક્ષણ સામે આજે અનુસૂચિત જાતિના આગેવાનોએ પ્રચંડ વિરોધ પ્રદર્શન કર્યું છે. ખેડા જિલ્લા કલેક્ટર કચેરીની બહાર અચોક્કસ મુદતના ધરણા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગેવાનોએ ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલવામાં નહીં આવે, તો આ આંદોલન સમગ્ર રાજ્યમાં ફેલાવવામાં આવશે. એક દલિત વિદ્યાર્થીના જીવનનો ભોગ લેવાયો હોવા છતાં તંત્ર કેમ સંવેદનહીન બની ગયું છે? શું આ કેસને ભીનો સંકેલી લેવાના પ્રયાસો થઈ રહ્યા છે? દૈનિક પલ્સ સમાચાર આ મામલે પીડિત પરિવારની સાથે રહીને જવાબદારોના પર્દાફાશની માંગ કરે છે. **રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



**નડિયાદની દિનશા પટેલ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થી જય પાટીલના આપઘાત કેસમાં પોલીસની નિષ્ક્રિયતા સામે આક્રોશ ફાટી નીકળ્યો છે. નામજોગ આરોપીઓની ધરપકડ ન થતા અનુસૂચિત જાતિના આગેવાનોએ ખેડા કલેક્ટર કચેરી બહાર અચોક્કસ મુદતના ધરણા શરૂ કર્યા છે.**

# ખડીયામાં રોડ કામમાં નિયમોના ધજાગરા ઉડ્યા છતાં જવાબદાર તંત્ર સાવ મૌન

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢના ખડીયા પંથકમાં ભ્રષ્ટાચારનો માર્ગ કંડારવામાં આવી રહ્યો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. જવાહર નવોદય વિદ્યાલય સુધી બની રહેલા ડામર રોડમાં નીતિ-નિયમોના ધજાગરા ઉડી રહ્યા છે. સામાજિક કાર્યકર નરેશભાઈ ભીખુભાઈ ગરેણીયાએ પુરાવા સાથે ફરિયાદ કરી છે કે મધુરમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા કરવામાં આવતું આ કામ અત્યંત નબળું અને ધોરણો વિરુદ્ધનું છે.

સૌથી ગંભીર બાબત એ છે કે આ એજન્સી દ્વારા સરકારી મિલકતની ચોરી કરવામાં આવી રહી છે. કોઈ પણ મંજૂરી વિના પંચાયતની જમીન ખોદીને માટીનો ઉપયોગ રોડમાં કરવામાં આવે છે, જે સીધેસીધી ઉચાપત છે. ઓનલાઇન ફરિયાદોના થોકડા છતાં તંત્ર મૌન રહીને ભ્રષ્ટ એજન્સીને છૂટો દોર આપી રહ્યું છે. શું તંત્ર આ એજન્સીના પ્રભાવ હેઠળ દબાયેલું છે? જનતાના પરસેવાના પૈસા જ્યારે ભ્રષ્ટાચારની ભેટ ચઢી રહ્યા હોય ત્યારે દૈનિક પલ્સ સમાચાર સવાલ પૂછે છે કે આ લૂંટ ક્યાં સુધી ચાલશે? જો વહેલી તકે એજન્સી વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી નહીં થાય તો આગામી સમયમાં લોકોના રોષનો ભોગ તંત્રએ બનવું પડશે.



**સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ૧૦ ફેબ્રુઆરીએ 'વિશ્વ કઠોળ દિવસ'ની ઉજવણી કરાઈ હતી. કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીની ઉપસ્થિતિમાં ખેડૂતોને કઠોળના પાકની આધુનિક ખેતી પદ્ધતિ, સુધારેલી જાતો અને રોગ-જીવાત નિયંત્રણ અંગે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. રિપોર્ટ : આશિષ વસાવડા**

# બીલખામાં બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા મહાશિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી

## બીલખા: બ્રહ્માકુમારીઝ દ્વારા મહાશિવરાત્રીની ઉજવણી શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** બીલખા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા આગામી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઉજવાનાર મહાશિવરાત્રી પર્વની પૂર્વતૈયારી રૂપે ભવ્ય ઉજવણીનો આજથી મંગલ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ આયોજનને પગલે સમગ્ર બીલખા પંથકના ધર્મપ્રેમી જનતામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના હોદ્દેદારો અને સાધકો દ્વારા શિવ ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આકાશમાં લહેરાતા શિવ ધ્વજની સાથે જ 'ઓમ શાંતિ'ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. બ્રહ્માકુમારી બહેનો અને ભાઈઓએ સામૂહિક રીતે શિવબાબાની મહાઆરતી ઉતારી હતી, જે દ્રશ્ય અત્યંત મનોહર અને શ્રદ્ધાપૂર્વકનું હતું. બર્ફીલા અમરનાથનો ફ્લોટ: આ વર્ષે શ્રદ્ધાળુઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર "બર્ફીલા અમરનાથ બાબા" નો ભવ્ય ફ્લોટ છે. કુશળ કારીગરો અને સાધકો દ્વારા તૈયાર કરવામાં આવેલ આ ફ્લોટ હિમાલયની પવિત્રતા અને અમરનાથ ગુફાની અનુભૂતિ કરાવે છે. આ ફ્લોટના દર્શન મહાશિવરાત્રી સુધી દરરોજ ખુલ્લા રહેશે, જેથી બીલખા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો તેનો લાભ લઈ શકે. સંસ્થા દ્વારા આ પર્વ નિમિત્તે એક સેવાકીય પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવી છે. વર્તમાન સમયમાં જ્યારે લોકો ડિપ્રેશન અને માનસિક તણાવનો સામનો કરી રહ્યા છે, ત્યારે તેમને રાહત આપવા માટે રાજયોગનું વિશેષ પ્રશિક્ષણ આપવામાં આવશે. આ ધ્યાન અને યોગ દ્વારા લોકો આંતરિક શાંતિ પ્રાપ્ત કરી શકશે. આજના પ્રસંગે બ્ર.કુ. રશ્મીબેન, બ્ર.કુ. હંસાબેન, બ્ર.કુ. બીનાદીદી અને બ્ર.કુ. રંજનબેને ઉપસ્થિત રહીને પ્રેરણાદાયી ધર્મોપદેશ આપ્યો હતો. તેમણે મહાશિવરાત્રીનું આધ્યાત્મિક રહસ્ય સમજાવતા કહ્યું કે, આ પર્વ આત્મા અને પરમાત્માના મિલનનો ઉત્સવ છે. બ્રહ્માકુમારીઝના આ આયોજનથી બીલખામાં ભક્તિનો એવો પ્રવાહ વહ્યો છે કે જાણે કૈલાશ પર્વત પર શિવજીનું સાક્ષાત આગમન થયું હોય. સંસ્થાએ તમામ ભાઈ-બહેનોને આ પવિત્ર પર્વમાં સહભાગી થવા અને રાજયોગ શીખીને જીવનને ધન્ય બનાવવા અનુરોધ કર્યો છે. **રિપોર્ટ : આશિષ વસાવડા**



**બીલખા સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા આગામી મહાશિવરાત્રી પર્વ નિમિત્તે વિવિધ કાર્યક્રમોની શ્રેણી શરૂ કરવામાં આવી છે. આજે સંસ્થા ખાતે શિવ ધ્વજ ફરકાવીને મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ શિવબાબાની મહાઆરતીનો લાભ લીધો હતો. આ ઉજવણીના વિશેષ આકર્ષણરૂપે અમરનાથ બાબાનો ભવ્ય બર્ફીલો ફ્લોટ તૈયાર કરાયો છે, જે શિવરાત્રી સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લો રહેશે. આ સાથે જ વર્તમાન સમયના માનસિક તણાવમાંથી મુક્તિ માટે વિશેષ રાજયોગ પ્રશિક્ષણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.**

# બાયડમાં મંત્રી રમણભાઈ સોલંકીના હસ્તે આધુનિક ટાઉનહોલનું લોકાર્પણ કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** બાયડ નગરપાલિકા વિસ્તારમાં લાંબા સમયથી પ્રતીક્ષિત એવા આધુનિક ટાઉનહોલનું સ્વપ્ન સાકાર થયું છે. રાજ્ય સરકારના મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી રમણભાઈ સોલંકીએ આજે બાયડ ખાતે "સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનહોલ" નું ઉદ્ઘાટન કર્યું હતું. આ તકતી અનાવરણ વિધિ સાથે ટાઉનહોલને જનતા માટે સમર્પિત કરવામાં આવ્યો હતો. આ લોકાર્પણ પ્રસંગે મંચ પર માનસિંહ સોઢા, ખુમાણસિંહ ઝાલા અને ભીખાજી ઠાકોર જેવા પંથકના પ્રભાવશાળી આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. મંત્રી રમણભાઈ સોલંકીએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું કે, નગરપાલિકા દ્વારા કરવામાં આવેલું આ બાંધકામ ગુણવત્તાયુક્ત છે અને તે શહેરની શોભામાં વધારો કરશે. આ ટાઉનહોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, સરકારી સભાઓ અને સામાજિક મેળવડાઓ માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ પણ બાયડના સર્વાંગી વિકાસ માટે સરકારના પ્રયાસોને આવકાર્યા હતા. ભીખાજી ઠાકોર અને અન્ય આગેવાનોએ સ્થાનિક પ્રશ્નો અંગે મંત્રીશ્રી સાથે ચર્ચા કરી હતી. નગરપાલિકાના સભ્યો અને મોટી સંખ્યામાં શહેરીજનો આ ઉત્સવમાં સહભાગી બન્યા હતા. આ નવા ટાઉનહોલથી હવે સ્થાનિક સ્તરે મોટા કાર્યક્રમો યોજવા સરળ બનશે અને લોકોને દૂર જવાની જરૂર નહીં પડે. **રિપોર્ટ : દિપક પરમાર**







## નરોડા: જે.ડી. હોટલમાં ચાલતા દેહવ્યાપાર પર પોલીસના દરોડા

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના નરોડા વિસ્તારમાં હોટલની આડમાં ચાલતા દેહવ્યાપારના મોટા નેટવર્કને પોલીસે ઝડપી પાડ્યું છે. નરોડા રિંગ રોડ પર મુઠીયા ટોલ પ્લાઝા નજીક પરિસર પ્લાઝામાં આવેલી જે.ડી. હોટલમાં અનૈતિક પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે જાળ બિછાવી અને એક ડમી ગ્રાહકને હોટલમાં મોકલ્યો હતો. ત્યાં હાજર દલાલ મયુર પાનખનિયાએ ડમી ગ્રાહક સાથે વાતચીત કરી ₹3000 UPI દ્વારા અને ₹10,000 રોકડા એમ કુલ ₹13,000 માં સોદો નક્કી કર્યો હતો. ત્યારબાદ ગ્રાહકને હોટલના રૂમ નંબર 309 માં મોકલવામાં આવ્યો હતો. પોલીસને સંકેત મળતા જ ટીમે તાત્કાલિક હોટલ પર દરોડો પાડ્યો હતો, જ્યાંથી એક યુવતી મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી હોટલ માલિક ભાવેશ ચીનુભાઈ દવે અને દલાલ મયુરની ધરપકડ કરી છે. આ બંને શખ્સો બહારથી સ્ત્રીઓને લાવીને અહીં દેહવ્યાપાર કરાવતા હોવાનું સામે આવ્યું છે. **રિપોર્ટ : દિપેશ શ્રીમાળી**

## AMC બજેટ વિવાદ: શાહવાડીમાં નવું કતલખાનું નહીં બને

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બજેટમાં શાહવાડી ખાતે નવું આધુનિક કતલખાનું બનાવવાની દરખાસ્ત રાજકીય વિવાદમાં ફસાઈ છે. મ્યુનિસિપલ કમિશનરે જમાલપુરના 1903માં બનેલા જૂના કતલખાનાને શાહવાડી-બહેરામપુરામાં 15,882 ચોરસ મીટરની જમીન પર શિફ્ટ કરવાની દરખાસ્ત મૂકી હતી. આ માટે ₹32 કરોડની જોગવાઈ પણ કરવામાં આવી હતી. આ જાહેરાત થતા જ એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે આ નિર્ણય કોંગ્રેસના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાના દબાણવશ લેવાયો છે. જોકે, ઇમરાન ખેડાવાલાએ સ્પષ્ટતા કરી હતી કે જમાલપુરનું કતલખાનું જગન્નાથ મંદિરની નજીક હોવાથી હિન્દુઓની આસ્થાને ઠેસ ન પહોંચે તે માટે તેને અન્યત્ર ખસેડવું જરૂરી છે. ભાજપના આંતરિક અને જાહેર વિરોધને જોતા કમિશનરે આખરે આ દરખાસ્ત રદ કરી દીધી છે. આમ, 123 વર્ષ બાદ નવા કતલખાનાના નિર્માણની યોજના બજેટના પ્રથમ દિવસે જ વિવાદમાં રોળાઈ ગઈ છે. **રિપોર્ટ : દિપેશ શ્રીમાળી**

## વટવામાં યુવકની હત્યા: મોહમ્મદ સકીલ પર છરીથી હુમલો

અમદાવાદના વટવા વિસ્તારમાં મધરાતે લોહીની હોળી ખેલાતા ભયનો માહોલ સર્જાયો છે. વટવાના ચાર માળિયા આવાસમાં મોહમ્મદ સકીલ નામના યુવકની નિર્મમ હત્યા કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, રાત્રે બે વાગ્યાની આસપાસ જ્યારે શાંતિનો માહોલ હતો ત્યારે અજાણ્યા હુમલાખોરોએ સકીલ પર છરીના અસંખ્ય ઘા ઝીંક્યા હતા. ચીસો અને હોબાળાને પગલે આસપાસના લોકો જાગી ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ વટવા પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ અંગત અદાવત છે કે અન્ય કોઈ કારણ, તે હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે મૃતદેહનો કબજો લઈ તપાસના ધમધમાટ શરૂ કર્યા છે. સતત વધી રહેલી આવી ઘટનાઓને કારણે વટવા ચાર માળિયાના રહીશોમાં પોતાની સુરક્ષાને લઈને ચિંતા અને ફફડાટ જોવા મળી રહ્યો છે. **રિપોર્ટ : દિપેશ શ્રીમાળી**




# અમદાવાદ: નરોડા પાટિયામાં શંકાસ્પદ માંસ ઝડપાયું, પોલીસે તપાસ હાથ ધરી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા નરોડા પાટિયામાં એક કથિત ગૌમાંસના જથ્થાને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. મધરાતે બનેલી આ ઘટનામાં બજરંગદળના કાર્યકરોએ સક્રિય ભૂમિકા ભજવીને એક દુકાનમાંથી શંકાસ્પદ માંસનો જથ્થો ઝડપી પાડ્યો હોવાનો દાવો કર્યો છે. કાર્યકરોની ફરિયાદ હતી કે અહીં ધાર્મિક લાગણી દુભાય તે રીતે પ્રતિબંધિત માંસનું વેચાણ કે સંગ્રહ થઈ રહ્યો છે.

આ સમાચાર ફેલાતા જ નરોડા પાટિયા વિસ્તારમાં લોકોના ટોળા એકઠા થયા હતા અને મામલો ગરમાયો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસની સાથે ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સતર્કતા દાખવી હતી અને માંસના જથ્થાને કાયદેસરની પ્રક્રિયા હેઠળ જપ્ત કર્યો હતો. હાલમાં પોલીસે આ મામલે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે અને દુકાનદારની પૂછપરછ કરવામાં આવી રહી છે. માંસ ગૌવંશનું છે કે કેમ તેની ખાતરી કરવા માટે એફએસએલના નિષ્ણાતોની મદદ લેવામાં આવી રહી છે. રિપોર્ટ આવ્યા બાદ જો આરોપ સાચો ઠરશે તો જવાબદારો સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે તેવી બાંહેધરી પોલીસે આપી છે. હાલ વિસ્તારમાં સ્થિતિ નિયંત્રણ હેઠળ છે. **રિપોર્ટ : દિપેશ શ્રીમાળી**



**અમદાવાદના નરોડા પાટિયા વિસ્તારમાંથી એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. અહીંની એક સ્થાનિક દુકાનમાં ગૌમાંસનું વેચાણ થતું હોવાની આશંકા સાથે બજરંગદળના કાર્યકરોએ દરોડો પાડ્યો હતો. આ ઘટનાને પગલે વિસ્તારમાં થોડો સમય તંગદિલીનો માહોલ સર્જાયો હતો અને લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. મામલો ઉગ્ર બનતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી માંસનો જથ્થો કબજે કર્યો છે. આ જથ્થો ખરેખર ગૌમાંસ છે કે કેમ, તેની સત્તાવાર પુષ્ટિ એફએસએલ (FSL) રિપોર્ટ આવ્યા બાદ જ થશે. પોલીસે હાલ શાંતિ જાળવવા અપીલ કરી છે.**

# અમદાવાદ: ઇસ્કોન પાસે વ્હીલ ચેરના ગોડાઉનમાં ભીષણ આગ, 9 ગાડીઓ તૈનાત

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના ઇસ્કોન મંદિર પાસે આજે બપોરે આગની એક મોટી ઘટના બની છે. GSTV ઓફિસની બિલકુલ પાછળ આવેલા વ્હીલ ચેરના ગોડાઉનમાં એકાએક આગ લાગતા અફરાતફરી સર્જાઈ હતી. ગોડાઉનમાં રાખવામાં આવેલી વ્હીલ ચેર અને અન્ય સામગ્રી જ્વલનશીલ હોવાથી આગે મિનિટોમાં જ ભીષણ સ્વરૂપ લઈ લીધું હતું. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની 9 ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર કર્મીઓએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી તેજ કરી છે. આગ એટલી વિકરાળ છે કે દૂર-દૂર સુધી કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાયેલા જોવા મળ્યા હતા, જેને પગલે એસ.જી. હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોમાં પણ કૌતુક અને ભય જોવા મળ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે શોર્ટ સર્કિટના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોઈ શકે છે. વહીવટી તંત્ર દ્વારા હાલમાં સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે અને ગોડાઉનની આસપાસના વિસ્તારને ખાલી કરાવી દેવામાં આવ્યો છે. ફાયર વિભાગ દ્વારા આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યા બાદ જ નુકસાનનો સાચો આંકડો બહાર આવશે. હાલ તમામ અધિકારીઓ સ્થળ પર હાજર છે અને કોઈ પણ જાનહાનિ ન થાય તે પ્રાથમિકતા પર રાખવામાં આવ્યું છે.
**રિપોર્ટ : દિપેશ શ્રીમાળી**



**અમદાવાદમાં ઇસ્કોન મંદિર પાસે આવેલી GSTV ઓફિસ પાછળના વ્હીલ ચેરના ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી છે. ફાયર વિભાગની 9 ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાય છે.**

# ફાગવેલમાં નવનિયુક્ત ભાજપ હોદ્દેદારોના સન્માનમાં ભવ્ય રેલી યોજાઈ

## ફાગવેલ: નવનિયુક્ત ભાજપ હોદ્દેદારોનો ભવ્ય સન્માન સમારોહ

**દૈનિક પલ્સ સમાચાર:** મહીસાગર જિલ્લાના રાજકીય અને સામાજિક ફલક પર આજે એક મહત્વપૂર્ણ કાર્યક્રમ ફાગવેલ ખાતે યોજાયો હતો. ભારતીય જનતા પાર્ટી મહીસાગર જિલ્લાના નવનિયુક્ત હોદ્દેદારોના માનમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના જિલ્લા સમિતિ દ્વારા ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત બાલાસિનોરથી ફાગવેલ સુધીની એક યાદગાર રેલી સાથે થઈ હતી. કેસરીયા માહોલ વચ્ચે નીકળેલી આ રેલીમાં કાર્યકર્તાઓ અને સમર્થકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ફાગવેલ પહોંચ્યા બાદ પરંપરાગત વિધિ સાથે ભાથીજી મહારાજના મંદિરે ધ્વજા આરોહણ કરવામાં આવ્યું હતું. નવનિયુક્ત હોદ્દેદારોએ ભાથીજી મહારાજના આશીર્વાદ મેળવી જનસેવાના કાર્યોમાં સમર્પિત થવાનો મનોરથ વ્યક્ત કર્યો હતો.

ફાગવેલ ખાતે આયોજિત મુખ્ય સભામાં મહીસાગર જિલ્લા ભાજપના તમામ નવનિયુક્ત પદાધિકારીઓ, વિવિધ મોરચાના પ્રમુખો અને મહામંત્રીઓનું દિલથી સન્માન કરવામાં આવ્યું હતું. ઠાકોર સેનાના આગેવાનોએ આ હોદ્દેદારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, સંગઠનમાં જે નવા લોહીનો સંચાર થયો છે તેનાથી કાર્યકર્તાઓમાં નવી ઉર્જા ઉમટશે. આ પ્રસંગે ઉપસ્થિત વક્તાઓએ સમાજની એકતા, સંસ્કાર અને સેવા ભાવના પર ભાર મૂક્યો હતો. સંગઠનને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે તમામ પદાધિકારીઓએ પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી સામાજિક અને રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુક્ત નેતૃત્વ હેઠળ મહીસાગર જિલ્લો જનસેવાના ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ સર કરે અને છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. અંતમાં, ઠાકોર સેના અને ભાજપના કાર્યકરોએ સાથે મળીને સંગઠનને પાયાના સ્તરથી વધુ મજબૂત કરવાના નિર્ધાર સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી. આ સમારોહ મહીસાગર જિલ્લામાં ભાજપ અને સામાજિક સંગઠનો વચ્ચેના સેતુ સમાન સાબિત થયો છે. **રિપોર્ટ : દિપક પરમાર**



**મહીસાગર જિલ્લાના ફાગવેલ ખાતે ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોના સન્માનમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના મહીસાગર જિલ્લા સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમની શરૂઆત બાલાસિનોરથી ફાગવેલ સુધીની વિશાળ રેલી સાથે થઈ હતી. ભાથીજી મહારાજના મંદિરે ધ્વજા આરોહણ કરી હોદ્દેદારોએ આશીર્વાદ લીધા હતા. સમારંભમાં વિવિધ મોરચાના પ્રમુખો અને મહામંત્રીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ સમાજની એકતા અને સંગઠનને નવી ઊંચાઈઓ પર લઈ જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.**

# ધાનપુરમાં પોલીસ કર્મચારીઓ માટે આધુનિક આવાસના નિર્માણનું ખાતમુહૂર્ત કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** દાહોદના ધાનપુર તાલુકાના પોલીસ જવાનો માટે એક આનંદના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા ધાનપુર ખાતે પોલીસ કર્મચારીઓ માટે આધુનિક અને સુવિધાસભર આવાસોના બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ મંગલ કાર્ય રાજ્ય કક્ષાના મંત્રી શ્રી કમલેશ પટેલના હસ્તે વિધિવત્ રીતે સંપન્ન થયું હતું.

આ આવાસ યોજનામાં 16 જેટલા 'બી' કક્ષાના આવાસો જે G+3 એટલે કે ચાર માળના બિલ્ડિંગમાં તૈયાર થશે અને 1 'સી' કક્ષાનું આવાસ બનાવવામાં આવશે. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત દાહોદ એસપી શ્રી જાડેજાએ પોલીસ કર્મચારીઓના કલ્યાણ અને તેમની પાયાની જરૂરિયાતો પર ભાર મૂક્યો હતો. તેમની સાથે ધારાસભ્ય બચુભાઈ ખાબડ અને સ્થાનિક રાજકીય અગ્રણીઓ જેવામાં મહેશભાઈ ભુરીયા, મહેન્દ્રભાઈ ભાભોર, અને કરણ ડામોર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ નવા આધુનિક આવાસોના નિર્માણથી ધાનપુરમાં કાયદો અને વ્યવસ્થા જાળવતા પોલીસ કર્મીઓને પોતાના પરિવાર સાથે રહેવા માટે સુરક્ષિત અને આધુનિક ઘર મળશે. વહીવટી તંત્રનું માનવું છે કે રહેવાની સારી સુવિધાથી કર્મચારીઓનું મનોબળ વધશે અને તેઓ વધુ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી શકશે. સ્થાનિક કાર્યકરો અને ગ્રામજનોએ પણ સરકારના આ વિકાસલક્ષી અભિગમને આવકાર્યો હતો. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ ચૌહાણ**








## ખેડબ્રહ્મા: અકસ્માતમાં વૃદ્ધનું મોત, બોલેરો ચાલક સામે ગુનો

ખેડબ્રહ્મા તાલુકામાં માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત છે. ગઈકાલે બપોરે 3 વાગ્યાની આસપાસ ખેડબ્રહ્માથી વરતોલ તરફ જતા માર્ગ પર ચિખલી ગામના વળાંક પાસે એક જીવલેણ અકસ્માત નોંધાયો હતો. અહીં પૂરપાટ ઝડપે દોડતી એક મહિન્દ્રા બોલેરોના ચાલકે સામેથી આવતી હીરો સ્પ્લેન્ડર બાઈકને અડફેટે લીધી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક સવાર 58 વર્ષીય કમજીભાઈ દાવડા રસ્તા પર ફંગોળાયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ માથા અને પગમાં ગંભીર ઈજાઓ હોવાથી સારવાર દરમિયાન તેમનું પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. મૃતક વૃદ્ધ સીટોલ ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે તેમના પુત્ર રાહુલકુમારે બોલેરો ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

## તલોદ: હિટ એન્ડ રનમાં એકનું મોત, બાઈક ચાલક ફરાર

તલોદ પંથકમાં માર્ગ અકસ્માતની એક કરુણ ઘટના સામે આવી છે, જેમાં એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પાનાપુર ગામના નયરા પેટ્રોલ પંપ પાસે એક મોટરસાઈકલ ચાલકે પાછળથી બીજી મોટરસાઈકલને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આરોપી બાઈક ચાલક (GJ-31-AA-8792) એ પૂરપાટ ઝડપે વાહન ચલાવી મદનસિંહ ઝાલાની બાઈકને ટક્કર મારી હતી.

અકસ્માત એટલો જોરદાર હતો કે મદનસિંહ ઝાલા અને ભીખુસિંહ જાડેજા બંને રસ્તા પર પટકાયા હતા. ગંભીર રીતે ઘાયલ મદનસિંહને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. અકસ્માત સર્જ્યા બાદ માનવતા બતાવવાને બદલે આરોપી ચાલક પોલીસને જાણ કર્યા વગર જ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. તલોદ પોલીસે આ અંગે હિટ એન્ડ રનનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

## પ્રાંતિજ: સોનાસણમાં બંધ મકાનમાંથી 14.75 લાખની ચોરી

પ્રાંતિજના સોનાસણ ગામેથી ઘરફોડ ચોરીનો એક મોટો કિસ્સો સામે આવ્યો છે, જેમાં તસ્કરો લાખોની મત્તા ચોરી ગયા છે. સોનાસણના ભુરીવાસમાં રહેતા દર્શનાબેન સુનિલભાઈ પટેલના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. 10 ફેબ્રુઆરીના રોજ સવારે 10:00 થી 12:30 ના ટૂંકા સમયગાળામાં જ્યારે પરિવાર બહાર હતો, ત્યારે અજાણ્યા શખ્સોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો.

તસ્કરોએ મકાનનો દરવાજો ખોલી અંદર રાખેલા કબાટનું લોક પણ કુશળતાપૂર્વક ખોલી નાખ્યું હતું. લોકરમાં રાખેલા ત્રણ પર્સમાં રહેલા સોનાના કિંમતી દાગીના, જેની અંદાજિત કિંમત 14,75,000 રૂપિયા છે, તેની ચોરી કરવામાં આવી છે. પરિવાર ઘરે પરત ફરતા ચોરી થઈ હોવાની જાણ થઈ હતી, ત્યારબાદ પ્રાંતિજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ધોળે દિવસે થયેલી આટલી મોટી ચોરીને પગલે સ્થાનિક રહીશોમાં ભય અને આશ્ચર્યનો માહોલ જોવા મળી રહ્યો છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**






# રાજપીપળા ખેલ મહાકુંભ: બહુચરાજીની હીર પટેલે જીત્યા બે સિલ્વર મેડલ

**દૈનિક પલ્સ સમાચાર:** રમતગમત ક્ષેત્રે ગુજરાતના યુવાનો પોતાની શક્તિનું પ્રદર્શન કરી રહ્યા છે, જેનો તાજો નમૂનો રાજપીપળા ખાતે જોવા મળ્યો. અહીં યોજાયેલા ખેલ મહાકુંભ ૨૦૨૬માં બહુચરાજી તાલુકાના નાનકડા ગામ કરણપુરાની દીકરી હીર ગણપતભાઈ પટેલે રાજ્ય સ્તરે પોતાની પ્રતિભા સાબિત કરી છે. હીરે જિમ્નાસ્ટિક્સની સ્પર્ધામાં અદ્ભુત કૌશલ્ય દાખવીને એક નહીં પરંતુ બે-બે સિલ્વર મેડલ પોતાના નામે કર્યા છે.

૧૦ ફેબ્રુઆરીના રોજ યોજાયેલી આ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાંથી ઉત્કૃષ્ટ ખેલાડીઓ આવ્યા હતા, જેની વચ્ચે હીરે પોતાની ક્ષમતા પુરવાર કરી હતી. હીર પટેલની આ સિદ્ધિથી કરણપુરા ગામમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે. ગામના ગૌરવ સમાન આ દીકરીની સફળતાને બહુચરાજી તાલુકા સમસ્ત પાટીદાર સમાજે પણ હૃદયપૂર્વક વધાવી લીધી છે. પરિવારજનોએ જણાવ્યું હતું કે હીર નાનપણથી જ રમતગમતમાં રુચિ ધરાવતી હતી અને તેની મહેનત આજે રંગ લાવી છે.

ગ્રામજનો અને સમાજના અગ્રણીઓએ હીરને પુષ્પગુચ્છ અને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, "હીરે બે સિલ્વર મેડલ જીતીને સાબિત કરી દીધું છે કે જો મક્કમ નિર્ધાર હોય તો ગ્રામીણ વિસ્તારની દીકરીઓ પણ રાજ્ય અને દેશ સ્તરે સફળતા મેળવી શકે છે." આ સફળતા બદલ હીરના પિતા ગણપતભાઈ પટેલ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. હીર પટેલની આ સિદ્ધિ રમતગમત ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતી અન્ય ગ્રામીણ દીકરીઓ માટે દીવાદાંડી સમાન બની રહેશે. સમગ્ર પંથકમાં હીરની આ સફળતાની ચર્ચાઓ થઈ રહી છે.
**રિપોર્ટ : ભુરાજી ઝાલા**



**રાજપીપળા ખાતે યોજાયેલ રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં બહુચરાજી તાલુકાના કરણપુરા ગામની હીર ગણપતભાઈ પટેલે જિમ્નાસ્ટિક્સમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. હીરે બે સિલ્વર મેડલ જીતીને પોતાના પરિવાર, ગામ અને સમગ્ર પાટીદાર સમાજનું નામ રોશન કર્યું છે.**

# મહેસાણામાં રાજ્યકક્ષાની ITI સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટનો ભવ્ય પ્રારંભ થયો

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણા શહેરના સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આજ રોજ રમતગમતના માહોલ વચ્ચે રાજ્યકક્ષાની ITI સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો છે. આ ટુર્નામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે તાલીમ અને રોજગાર ખાતાના નિયામક નીતિન સાગવાન તથા મહેસાણા મહાનગરપાલિકાના કમિશનર રવિન્દ્ર ખતાલે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ટુર્નામેન્ટને વિધિવત રીતે ખુલ્લી મૂકી હતી અને સહભાગી થયેલા તમામ ખેલાડીઓને સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ગાંધીનગરના તાલીમ અને રોજગાર ખાતા દ્વારા પ્રેરિત આ ટુર્નામેન્ટનું આયોજન ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) મહેસાણા અને સ્ટેટ લેવલ ક્રિકેટ કમિટીના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં રોજગાર ખાતાની વિવિધ પાંખો અને સરકારી કચેરીઓના અધિકારીઓ તેમજ સ્ટાફ મેમ્બર્સ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. કાર્યક્રમ દરમિયાન સંબોધતા અધિકારીઓએ જણાવ્યું હતું કે, રમતગમત માત્ર મનોરંજન નથી પરંતુ તે કર્મચારીઓમાં ટીમ વર્ક, પરસ્પર સહયોગ અને ઉર્જાનો સંચાર કરે છે. ITI મહેસાણા દ્વારા આ પ્રકારના કાર્યક્રમોને સતત પ્રોત્સાહન આપવામાં આવે છે જેથી કર્મચારીઓ માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રહી શકે. આ ઉદ્ઘાટન સમારોહમાં ખાતાના વરિષ્ઠ અધિકારીઓ, વિવિધ એકમોના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં કર્મચારીગણ હાજર રહ્યો હતો.
**રિપોર્ટ : ભુરાજી ઝાલા**




**મહેસાણાના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે રાજ્યકક્ષાની ITI સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન નિયામક નીતિન સાગવાન અને મ્યુનિસિપલ કમિશનર રવિન્દ્ર ખતાલેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ કર્મચારીઓમાં ખેલદિલી અને ટીમ સ્પિરિટ વધારવાનો છે.**

# વિજયનગર તાલુકા પંચાયતમાં બોગસ બિલો દ્વારા કરોડોનું નાણાકીય કૌભાંડ

## બોગસ બિલિંગ કૌભાંડમાં TDO અને એન્જિનિયર શંકાના ઘેરામાં

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં પંચાયતી રાજના નામે લોકશાહીનું લિલામ થઈ રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પંચાયતોના વિકાસ માટે આવતી ગ્રાન્ટ અત્યારે ભ્રષ્ટ અધિકારીઓ અને બોગસ પેઢીઓ માટે કમાણીનું સાધન બની ગઈ છે. એક ગંભીર ફરિયાદમાં થયેલા ખુલાસા મુજબ, વિજયનગર તાલુકા પંચાયતમાં 'એ. રસૂલ એ. હકીમ ચાંદનીવાલા' (GST: 24AGKPC7174M1Z3) નામની પેઢીના માધ્યમથી લાખો રૂપિયાનું નાણાકીય કૌભાંડ આચરવામાં આવ્યું છે.

આ કૌભાંડની રીત અત્યંત ચોંકાવનારી છે. ગ્રામ પંચાયતોમાં વાસ્તવિક રીતે કોઈ કામગીરી કરવામાં આવતી નથી, પરંતુ કાગળ પર કામ બતાવવા માટે ઉપર જણાવેલ પેઢીના બોગસ બિલો રજૂ કરવામાં આવે છે. આ 'બેનામી' પેઢી દ્વારા રેતી, કપચી, ઈંટ, સિમેન્ટ અને લોખંડ જેવી સામગ્રી સપ્લાય કર્યાના ખોટા હિસાબો દર્શાવવામાં આવે છે. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે આ પેઢીએ ક્યારેય પોતે આવી કોઈ સામગ્રીની ખરીદી કરી જ નથી. તો પછી તે પંચાયતોને સામાન ક્યાંથી પૂરો પાડે? આ સ્પષ્ટપણે GST અને નાણાકીય છેતરપિંડીનો કિસ્સો છે. કોઈ પણ બિલ પાસ કરવા માટે તાલુકા વિકાસ અધિકારી (TDO) અને ટેકનિકલ એન્જિનિયરની ચકાસણી અનિવાર્ય હોય છે. તો શું આ અધિકારીઓએ સ્થળ તપાસ કર્યા વગર જ બિલો મંજૂર કરી દીધા? કે પછી કમિશનની લાલચમાં જાણીજોઈને આંખ આડા કાન કર્યા? બોરવેલ મોટરના નામે થતી ઉઘાડી લૂંટ તો હદ વટાવી ગઈ છે, કારણ કે બિલો આપનાર પેઢી પાસે બોરવેલ ડ્રિલિંગ માટેનું લાયસન્સ કે સાધન પણ નથી. આ ગંભીર આક્ષેપો સાથે નાણામંત્રી કનુભાઈ પટેલ અને હિંમતનગર કમિશનરને આવેદન આપી તાત્કાલિક અસરથી તપાસ સમિતિની રચના કરવા માંગ કરવામાં આવી છે. આ લૂંટમાં સામેલ પેઢીના માલિક, સંડોવાયેલા TDO અને જવાબદાર એન્જિનિયરો વિરુદ્ધ ફોજદારી ગુનો દાખલ કરવાની માંગ ઉઠી છે. જો સરકાર આ બાબતે મૌન રહેશે, તો તે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપવા બરાબર ગણાશે. દૈનિક પલ્સ સમાચાર આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે સતત ફોલો-અપ કરતું રહેશે. **રિપોર્ટ : ધનશ્યામસિંહ પરમાર**


પ્રતિ
કનુભાઈ પટેલ
નાણાં મંત્રી ગુજરાત સ્વર્ણિમ સંકુલ ગાંધીનગર

પ્રતિ
કમિશનરશ્રી
વણિજ્ય વેરા હિંમતનગર

વિષય - સાબરકાંઠા માં વિજયનગર તાલુકા પંચાયત દ્વારા નાણાકીય ઉંચાપાત કરવા ખોટા બિલો બનાવતી કંપની પાસે રોકડા કરી નાણાકીય ઉંચાપાત કરતા/કરાવતા સામે ગુનો નોંધી કાર્યવાહી કરવા બાબત
સંદર્ભ-24AGKPC7174M1Z3(A Rasul A hakim chandniwala)

સાબરકાંઠા માં વિજયનગર તેમજ અન્ય તાલુકા માં ગ્રામપંચાયત ના કામ કર્યા વગર નાણાં ઉપાડવાનું કામ કાલવણવિરેશ્વર ના 24AGKPC7174M1Z3 ના GST ધારક ( એ રસુલ એ હકીમ ચાંદનીવાળા) નામની પેઢી જે તમામ પંચાયત ને માલ મટીરીઅલ સપ્લાય કરવાનું બિલ બનાવે છે, પણ આ બેનામી પેઢી જે રેતી/કપચી / બોરમોટર /સિમેન્ટ ખરીદી કરેલ જ નથી અને દરેક પંચાયત માં નાણાં ઉપાડવા માટે ખોટા બિલ્લો બનાવી નાણાંકિયા ઉંચાપત કરવાનું ખુલ્લુ કૉમભાન્ડ કરેલ છે. આ પેઢી દ્વારા ગ્રામપંચાયત માં બોરમોટર ના બીલો આપવામાં આવે છે પણ તેના જોડે ના બોર ની ગાડી છે કે મોટર ખરીદેલ છે તો વેચાણ ના બિલ કેવી રીતે બનાવ્યા, ઉપરોક્ત રેતી/કપચી/લોખંડ/સિમેન્ટ ના તમામ બાબતે ખોટા બિલ્લો બનાવતા પેઢી માલિક અને તાલુકા વિકાસ અધિકારી, અને ઈજનેર સામે ગુનો નોંધી કાયદેસર કરવા વિનંતી છે

**સાબરકાંઠાના વિજયનગરમાં સરકારી તિજોરી પર તરાપ મારવાનું વ્યવસ્થિત કૌભાંડ ફૂલ્યુંફાલ્યું છે. એક બેનામી પેઢીના નામે રેતી, કપચી અને બોરવેલ મોટરના ખોટા બિલો બનાવીને ગ્રામ પંચાયતોના ભંડોળની ઉચાપત કરવામાં આવી રહી છે. આશ્ચર્યની વાત એ છે કે જે પેઢી પાસે ડ્રિલિંગ મશીન પણ નથી, તે બોરવેલના બિલો ફાડી રહી છે. આ કૌભાંડમાં તાલુકા વિકાસ અધિકારી (TDO) અને એન્જિનિયરોની મિલીભગત હોવાના ગંભીર આક્ષેપો સાથે નાણામંત્રી કનુભાઈ પટેલને કડક કાર્યવાહી માટે રજૂઆત કરાઈ છે.**

# વડોદરામાં મહાશિવરાત્રીએ શિવજી કી સવારી માટે તંત્રની તૈયારીઓ તેજ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં આગામી ૧૫મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીના મહાપર્વની ઉજવણી થનાર છે. આ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૦ થી વધુ શોભાયાત્રાઓ નીકળશે, જેમાં 'શિવજી કી સવારી' મુખ્ય આકર્ષણ રહેશે. આ મોટા આયોજનને ધ્યાનમાં રાખીને વડોદરા પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓએ આયોજકો સાથે બેઠક યોજી ટ્રાફિક મેનેજમેન્ટ અને સુરક્ષા વ્યવસ્થાની ચર્ચા કરી હતી.

શહેરમાં હાલ અનેક સ્થળોએ રસ્તાના ખોદકામ ચાલતા હોવાથી ભીડનું સંચાલન કરવું પડકારજનક છે. આથી પોલીસે આયોજકોને રૂટમાં ફેરફાર ન કરવા અને રસ્તા રોકીને મહાપ્રસાદીના સ્ટોલ ન ઊભા કરવા તાકીદ કરી છે. એક મહત્વના નિર્ણયમાં, ભક્તોની સુવિધા અને પરંપરા જાળવવા માટે ચાર દરવાજા વિસ્તારમાં મોટા ડીજે બંધ રાખવા સહમતી સધાઈ છે, તેના બદલે મ્યુઝિક બેન્ડ સાથે યાત્રા નીકળશે. જોકે, પોળના નાકે નાના સ્પીકરો વગાડવાની છૂટ અપાઈ છે. ભીડમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફાયર બ્રિગેડ અને મેડિકલ ટીમોને પણ સજ્જ કરવામાં આવી છે. ખાસ કરીને હાર્ટ એટેકના વધતા જોખમને જોતા, એસ.એસ.જી. હોસ્પિટલની ટીમો અને એમ્બ્યુલન્સ રૂટ પર હાજર રહેશે. કોર્પોરેશનને યાત્રાના માર્ગ પર આવતા જર્જરિત મકાનોનું નિરીક્ષણ કરી જરૂરી તકેદારી લેવા જણાવાયું છે, જેથી લાખો ભક્તો નિર્ભય રીતે આ ધાર્મિક મહોત્સવમાં સહભાગી થઈ શકે.







# મીઠાવી ચારણ: શાળા બની ખંડેર, તંત્ર એસી ચેમ્બરમાં મસ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ધરણીધર તાલુકાના મીઠાવી ચારણ ગામે વિકાસના બણગાં ફૂંકતા તંત્રની પોલ ખુલી ગઈ છે. એક તરફ સરકાર સ્માર્ટ સ્કૂલ અને ડિજિટલ શિક્ષણની વાતો કરે છે, તો બીજી તરફ મીઠાવી ચારણ ગામની કરોડોની કિંમતની ઉચ્ચતર માધ્યમિક શાળા તંત્રની ઘોર બેદરકારીનું જીવતું જાગતું સ્મારક બની ગઈ છે.

શાળાની ઇમારત એવી છે કે કોઈ પણ ખાનગી શાળા પણ ઝાંખી પડે, પરંતુ આ ભવ્યતાની સામે જ અત્યારે કાંટાળા બાવળોનું સામ્રાજ્ય છવાયું છે. શાળાના આગળના ભાગમાં એટલી હદે ઝાડી-ઝાંખરા વધી ગયા છે કે તે કોઈ વિદ્યાધામ નહીં પણ ભેંકાર જંગલ હોય તેવું લાગે છે. આ સ્થિતિ પાછળ ગ્રામ પંચાયત અને સ્થાનિક વહીવટી તંત્રની ગુનાહિત નિષ્ક્રિયતા જવાબદાર છે.

અહીં માત્ર મીઠાવી ચારણ જ નહીં, પણ આસપાસના 5 થી 7 ગામડાઓના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે. આ વિદ્યાર્થીઓએ રોજ જીવના જોખમે આ કાંટાળા રસ્તાઓ પરથી પસાર થવું પડે છે. વિદ્યાર્થીઓને કાંટા વાગવા, કપડાં ફાટવા અને ઝેરી જનાવરોનો ડર સતત સતાવી રહ્યો છે. વાલીઓ પ્રશ્ન કરી રહ્યા છે કે, "શું અમારા બાળકોના ભવિષ્ય કરતા પંચાયત માટે બાવળો વધુ કિંમતી છે?"

સ્થાનિક રહીશો અને શાળાના સ્ટાફે અનેકવાર પંચાયતને લેખિત રજૂઆતો કરી છે. મૌખિકમાં તો અનેકવાર વિનંતીઓ કરવામાં આવી છે, છતાં સત્તાધીશોના કાન સુધી બાળકોની વેદના પહોંચતી નથી. પંચાયત આ સમસ્યાને ગંભીરતાથી લેવાને બદલે આંખ આડા કાન કરી રહી છે. અધિકારીઓ એસી ઓફિસોમાં બેસીને આંકડાકીય માયાજાળ રચે છે, પણ જમીની હકીકત તપાસવાની તસ્દી લેતા નથી. લોકોમાં અત્યારે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોની માંગ છે કે રાજકારણ અને અંગત સ્વાર્થથી ઉપર ઉઠીને, માનવતાના ધોરણે તાત્કાલિક અસરથી જેસીબી મશીન લગાવી આ બાવળો દૂર કરવામાં આવે. જો તંત્ર હજુ પણ આળસ ખંખેરીને જાગશે નહીં, તો દૈનિક પલ્સ આ મુદ્દે સતત અવાજ ઉઠાવતું રહેશે. શું આ ભવ્ય શાળાને આ વરવી અવદશામાંથી મુક્તિ મળશે? કે પછી તંત્ર કોઈ મોટી દુર્ઘટના ઘટવાની રાહ જોતું રહેશે? સત્વરે કાર્યવાહી થાય તે જ હજારો વિદ્યાર્થીઓના હિતમાં છે. **રીપોર્ટ વશાભાઈ વાલડીયા**






# થરાદ: પડતર પ્રશ્નો મુદ્દે આંગણવાડી બહેનોના ધરણા અને કલેક્ટરને રજૂઆત

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદ શહેર આજે આંગણવાડી બહેનોના સૂત્રોચ્ચારથી ગુંજી ઉઠ્યું હતું. પડતર માંગણીઓના કાયમી ઉકેલ માટે થરાદ અને વાવ તાલુકાની આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોએ દેશવ્યાપી હડતાળને સમર્થન આપી આક્રમક વિરોધ પ્રદર્શિત કર્યો હતો. મોટી સંખ્યામાં એકત્ર થયેલી બહેનોએ ધરણા કર્યા બાદ રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચીને આવેદનપત્ર પાઠવી પોતાની વેદના રજૂ કરી હતી.

આ વિરોધ પ્રદર્શનનો મુખ્ય હેતુ હાઈકોર્ટના ઐતિહાસિક ચુકાદાનો અમલ કરાવવાનો છે. બહેનોની માંગ છે કે તેમને માનદ વેતન પ્રથામાંથી મુક્તિ આપીને યોગ્ય કેડરમાં સમાવવામાં આવે. આંગણવાડી કાર્યકરોએ જણાવ્યું કે સરકાર દ્વારા આપવામાં આવતી ઓનલાઈન કામગીરી અને AVT એપને કારણે તેમનો કામનો બોજ અસહ્ય બની ગયો છે, જે બંધ થવો જોઈએ. આ સાથે જ કામગીરી માટે પૂરતા સાધનો અને મોબાઈલ ફોન ઉપલબ્ધ કરાવવાની પણ રજૂઆત કરાઈ હતી. માંગણીઓની યાદીમાં નિવૃત્તિ બાદ સુરક્ષા માટે પેન્શન યોજના, નિવૃત્તિ વયમર્યાદામાં વધારો અને બઢતીના નિયમોમાં રાહત આપવાનો પણ સમાવેશ થાય છે. બહેનોએ રોષ વ્યક્ત કરતા કહ્યું કે બજારભાવ મુજબ તેમને બિલની ચુકવણી કરવામાં આવે અને તેમને માત્ર આઈસીડીએસને લગતી ફરજો જ સોંપવામાં આવે. સરકાર દ્વારા અન્ય કામોમાં જોતરવામાં આવતા આંગણવાડીના મૂળભૂત કાર્યો પ્રભાવિત થાય છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોએ એકસૂરે જણાવ્યું હતું કે તેઓ લાંબા સમયથી અન્યાયનો ભોગ બની રહી છે. જો સરકાર દ્વારા આ ગંભીર પ્રશ્નો પર ધ્યાન આપવામાં નહીં આવે તો તેઓ કામકાજથી અળગા રહીને ઉગ્ર લડત આપવા મજબૂર બનશે. કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં તમામ પાસાઓનો સમાવેશ કરી વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવા વિનંતી કરવામાં આવી છે. **રીપોર્ટ વશાભાઈ વાલડીયા**



**થરાદમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોએ પડતર માંગણીઓ મુદ્દે દેશવ્યાપી હડતાળના સમર્થનમાં ધરણા કર્યા હતા. બહેનોએ વિશાળ રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપી વર્ગ-૩ અને ૪ માં સમાવેશ કરવા સહિતના વિવિધ પ્રશ્નોના નિરાકરણની માંગ કરી હતી.**

# થરાદમાં ખાડામાં ફસાયેલા નંદીનું ફાયર બ્રિગેડે ક્રેનની મદદથી કર્યું સફળ રેસ્ક્યુ

**દૈનિક પલ્સ સમાચાર:** થરાદના શિવનગર વિસ્તારમાં આજે એક અબોલ પશુના જીવ પર જોખમ સર્જાયું હતું. પારકર મેદાન પાસે એક નંદી અચાનક ઊંડા ખાડામાં ખાબકતા તે લાચાર બની ફસાઈ ગયો હતો. સ્થાનિક રહીશોએ નંદીને બહાર કાઢવા માટે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તમામ નિષ્ફળ સાબિત થયા હતા. આખરે આ બાબતે નગરપાલિકાની ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર વિરમજી રાઠોડ અને તેમની ટીમ અદ્યતન સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ ટીમે ફાયર ટેન્ડરની ક્રેનનો સહારો લીધો હતો. નંદીને સુરક્ષિત રીતે બાંધીને ક્રેન દ્વારા ધીમે-ધીમે ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. રેસ્ક્યુ ઓપરેશન સફળ થતા જ હાજર લોકોએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. ફાયર ઓફિસરે મીડિયાને જણાવ્યું કે, "અમને નંદી ફસાયાનો કોલ મળ્યો હતો અને અમે ટીમ સાથે પહોંચી ક્રેન દ્વારા તેને જીવિત બચાવી લીધો છે." રેસ્ક્યુ બાદ નંદીને યોગ્ય રીતે ચકાસીને ખુલ્લા મેદાનમાં મુક્ત કરવામાં આવ્યો હતો. આ કામગીરી થકી ફાયર વિભાગે પશુ પ્રત્યેની સંવેદના અને ફરજ નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. **રીપોર્ટ વશાભાઈ વાલડીયા**



**થરાદના શિવનગર પાસે એક નંદી ખાડામાં ફસાઈ જવાની ઘટના બની હતી. સ્થાનિકોની મહેનત નિષ્ફળ જતાં થરાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર ટીમે ક્રેનની મદદથી નંદીને સહીસલામત બહાર કાઢી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.**